
વર્ષ : ૩૮ ◆ અંક : ૧૨
ડિસેમ્બર - ૨૦૧૪

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



શ્રી શેત્રુંજય તીર્થ (પાલિતાણા)નું પાવનકારી દૃશ્ય

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ આધ્યાત્મિક શિબિરની તસવીરો
(તા. ૧-૧૨-૨૦૧૪ થી તા. ૩-૧૨-૨૦૧૪)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ


આદ.પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ


બા.બ્ર.આદ.શ્રી સુરેશજી


દીપ-પ્રાગટ્યની વેળાએ


ભક્તિસંગીત - યુવાભક્તિગ્રુપ, કોબા


રાજકુટિર-ઉદ્યાનના
ઉદ્ઘાટન પ્રસંગે
ઉપસ્થિત મહાનુભાવો

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્‌ રાજચંદ્રજી ..... ૫

(૨) જીવનની સાર્થકતા ......... પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) જીવન છે ઉત્સાહનો ઉત્સવ ! ...............
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ..................
...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૮) સમ્યગ્દર્શન ...............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૫

(૯) પ્રભુ-પ્રાર્થના .......... શ્રી ભાનુબેન ડી. શાહ .... ૨૭

(૧૦) બંધ સમયે ચેતી જા .......................
.............. પૂ. ભાઈશ્રી શશીકાંતભાઈ શેઠ .... ૩૧

(૧૧) બાળવિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૫



વર્ષ : ૩૮ ડિસેમ્બર, ૨૦૧૪ અંક - ૧૨

**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org



-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**


દરરોજ નવા દિવસની શરૂઆત થતાં અમારા મનમાં આશાનો સંચાર થાય છે. ગઈકાલના અપૂર્ણ કાર્યો આજે પૂર્ણ કરીશું એવો વિચાર તો આવે જ છે, સાથે સાથે આજે સંસારના કાર્યોની જવાબદારી પૂરી થાય પછી, પરમાર્થ માટે શું કરવું તેની વિચારણા પણ ચાલે છે અને અમુક તો કરવું જ એવો નિશ્ચય પણ થાય છે. પરંતુ દિવસ દરમ્યાન જ્યારે ધાર્યા મુજબ થઈ શકતું નથી ત્યારે દુઃખ થાય છે. કેટલીકવાર તો નિમિત્તનો દોષ દેખાય છે ! પરંતુ "કોઈનો પણ દોષ નથી, આપણે કર્મ બાંધ્યા એટલે આપણો જ દોષ છે" એવી આપની સત્શિક્ષા યાદ આવે છે, અને આપે એને જીવનમાં આત્મસાત્ કરી છે, એ પણ અમે જાણીએ છીએ, તેથી અમે પણ નિમિત્તને દોષ દેતાં અટકી જઈએ છીએ.

પરંતુ પરમાર્થને આરાધવાની અમારી ઈચ્છા તો એવી ને એવી જીવંત જ રહે છે. આપે જે અનુભવ્યું તેનું ઉદ્ગાર રૂપે અવતરણ થયું છે, તેવો ભાવ અમને પણ ઉદ્ભવે છે ! આપે કહ્યું છે કે "આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ જાય નહીં, ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે." અમારી પણ આવી જ વિચારણા રહે છે ! પરંતુ પ્રસંગ તો તેનાથી જુદા જ પ્રકારના વર્તે છે. આપ પ્રભુએ કેવા વિકટ ઉદયમાં અને અલ્પસમયમાં કેવી આશ્ચર્યકારક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તેનો લક્ષ થતાં અમને ઘણી પ્રેરણા મળે છે. અમને આપના માર્ગે આગળ વધવાનું બળ પણ મળે છે. આપના જેવા ધીંગધણી મળ્યા પછી જો આપની કૃપા થાય તો કથીર પણ કુંદન બની જાય એમાં આશ્ચર્ય પણ શું છે ? કંઈ જ નહીં.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૫૨૨

**મુંબઈ, ભા. સુદ ૩, રવિ, ૧૯૫૦**

જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યાં તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દૃઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દૃઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું, એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

# જીવનની સાર્થકતા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



જે સત્ય સમજાયું તેનો પ્રયોગ કરવાથી તથા જીવનમાં તેને મુખ્ય કરવાથી અને બાધક કારણોનો ત્યાગ કરવાથી જીવન સાર્થક બને છે.

**''स अर्थेन सहितं वर्तते कार्यं करोति इति सार्थकता ।''**

પોતાના ધ્યેયને સિદ્ધ કરે તેને સાદી ભાષામાં સફળતા અથવા પૂર્ણ સફળતા કહેવાય. ભગવાન તેના માટે કૃતકૃત્યતા શબ્દ વાપરે છે પણ તે પરમાત્મપદની પ્રાપ્તિ વર્તમાન સમયમાં થતી નથી, પરંતુ તેની અંશે પ્રાપ્તિ અત્યારે પણ થઈ શકે છે.

આપણા જીવનની સફળતા આપણે શેમાં માની છે ? શેમાં વિચારી છે ? શાના ઉપર નિર્ધારિત કરેલી છે ? તે વિચારવું. બોલવામાં ભલે બધા કહે કે મારે મોક્ષ જોઈએ છે પણ તે બધા પેલા માજી જેવો મોક્ષ ઇચ્છે છે ! એક માજી ઉપર ભગવાન પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે ચાલ, હું તને મોક્ષે લઈ જાઉ. ત્યારે તે માજીએ કહ્યું કે ભગવાન, હું દરરોજ આપની ભક્તિ કરતાં મને મોક્ષ મળજો એવું કહેતી તો હતી પણ તે મોક્ષમાં જો સાથે મારો દીકરો આવે, મારી ખાટલી આવે, મારી પાડી આદિ પણ જો સાથે સાથે આવે તો હું મોક્ષે જઉં; નહિતો મારે એવો મોક્ષ નથી જોઈતો કે જ્યાં હું એકલી હોઉં !! આપણી ભક્તિ પણ આવી જ છે. એટલે સંતો કહે છે કે ભાઈ જ્યાં શરત છે ત્યાં પૂર્ણ પ્રેમ હોતો નથી. શરત સૂચવે છે કે 'મારું' રાખીને તારી સાથે પ્રેમ કરું. જો આમ થાય તો આમ કરું ! જો આમ હોય તો આમ કરું ! માટે એવા તો કોઈ થોડા જ મહાન પુરુષો હોય કે જે બિનશરતી પ્રેમ કરી શકે. આપણે પણ પ્રયત્ન તો કરી જ શકીએ. તે પ્રયત્ન કરતાં કરતાં ભવિષ્યમાં તે પ્રેમ વૃદ્ધિંગત થશે.

ઉત્તમ મુમુક્ષુઓને શ્રદ્ધામાં તો એમ જ હોય કે ભગવાન મને મુક્તિ પ્રાપ્ત થાઓ. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

''કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.''

''માત્ર (મુખ્ય) મોક્ષ અભિલાષ.''

ઉત્તમ મુમુક્ષુને 'માત્ર મોક્ષ' તે શ્રદ્ધામાં સંભવે પણ જીવનમાં સંભવે નહિ. માત્ર મોક્ષ અભિલાષ તે સર્વસંગપરિત્યાગી મુનિને જ સંભવે. તેમના જીવનમાં અર્થ અને કામરૂપી પુરુષાર્થ નથી હોતો, માત્ર ધર્મરૂપી પુરુષાર્થ દ્વારા તેઓ મોક્ષરૂપી પુરુષાર્થને સાધે છે. ગૃહસ્થને તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થને સાધવાના છે. જે સાચા મુમુક્ષુ હોય છે તેઓ તો અર્થ અને કામરૂપી પુરુષાર્થને ગૌણ કરે છે અને ધર્મરૂપી પુરુષાર્થને પ્રધાનતા આપે છે. આવા મુમુક્ષુમાં સંતોષ ગુણ અવશ્ય હોય જ છે. જો કોઈ મનમાં એમ માને કે મારે ખૂબ કીર્તિ જોઈએ છે, બધા મારો જયજયકાર કરે તો તે ઉત્તમ મુમુક્ષુ હોઈ શકે નહિ. અધ્યાત્મયોગી શ્રીચિદાનંદજી કહે છે કે,

''કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી,
આપ સ્વભાવમેં રે, અવધૂ સદા મગનમેં રહના.''

જો કોઈને કરોડો રૂપિયા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તે ઉત્તમ મુમુક્ષુ નથી.

''એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઉઠ્યો થો જિન ભજન કું, બીચ મેં લીયો માર.''

**- શ્રી બૃહદ્ આલોચના**

કંચન, કામિની, કુટુંબ, કાયા અને કીર્તિ - આ પાંચ 'ક'માં જેને તીવ્ર આસક્તિ હોય તે ઉત્તમ મુમુક્ષુ

હોય નહિ. કેમ કે તે પર પદાર્થોને "આત્માથી સૌ હીન" માનતો નથી. મુમુક્ષુ તો એમ કહે કે ઘર બરાબર ચાલે અને થોડી બચત થાય કે જેનાથી ઘડપણ કે અકસ્માતમાં થોડી જરૂર પડે તે હું પૂરી કરી શકું એટલી આજીવિકાની જ મારે જરૂર છે કારણ કે તૃષ્ણાનો કોઈ અંત નથી. આમ, તેનું જીવન સંતોષી હોય છે.

**● કામરૂપી પુરુષાર્થ :**

કામ એટલે ઇચ્છા-તૃષ્ણા. તૃષ્ણા અનંત છે. કોઈ બહેનને પૂછીએ કે તમારી પાસે કેટલી સાડીઓ છે ? તો કહે કે ૨૮ છે અને હજુ બીજી ૧૨ સાડીઓ જોઈએ છે ! પણ તેઓ એટલું વિચારતા નથી કે શું તેઓ આટલી બધી સાડીઓ રોજ પહેરી શકશે ? એવી રીતે ભાઈઓએ ફેક્ટરી, દુકાન, ગાડી ઈત્યાદિ માટે પણ વિચારી લેવું.

**જો કષાય ઘટે તો જ મુમુક્ષુતા પ્રગટે.**

કષાય કાંઈ એની જાતે ન ઘટે પણ બળપૂર્વક, પરાક્રમપૂર્વક, સંકલ્પપૂર્વક, પ્રતિજ્ઞાપૂર્વક તેને ઘટાડવાં જોઈએ. કારણ કે આત્માને પ્રાપ્ત કરવાનું પહેલું લક્ષણ છે - "કષાયની ઉપશાંતતા".

એ ન કરીએ અને એમ ઇચ્છીએ કે મારે મારું જીવન સાર્થક બનાવવું છે તો એમ સાર્થક ન બને. અહીં સજ્જન અને આધ્યાત્મિક પુરુષની વાત ચાલે છે, દુનિયાના લોકોની વાત ચાલતી નથી. તેઓ તો મોક્ષ કે આત્માને માનતા જ નથી પણ તેથી કાંઈ આત્માનું અસ્તિત્વ મટી જતું નથી, કારણ કે ભાઈ, જો તું માને તો પણ તું આત્મા છો અને જો તું ન માને તો પણ તું આત્મા જ છો.

સામાન્ય મનુષ્યના જીવનની સાર્થકતા એવી છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેને અવિરુદ્ધપણે અને બરાબર સમતોલન રાખીને સાધે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક - ૨૫૪માં મુમુક્ષુ માટે વ્યાખ્યા આપી છે :

**"સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો તે મુમુક્ષુતા."**

આવું કરી શકીએ તો જીવન જલ્દીથી સાર્થક થઈ જશે. બધાને માટે સાર્થકતા સરખી હોતી નથી. જગતના જીવોને તો મોક્ષની ભાવના કે ઇચ્છા જ થતી નથી. સજ્જનો અને મુમુક્ષુઓ મોક્ષની ભાવના ભાવે છે, પણ તેમની શક્તિ આ કાળે અલ્પ પડે છે એટલે તેઓ મોટાભાગે શ્રાવક ધર્મનું પાલન કરી ધર્મપંથે આગળ વધે છે. ભગવાને શ્રાવકધર્મમાં કરવા યોગ્ય આવશ્યક કહ્યાં છે કે ભગવાનની ભક્તિ કરવી, ગુરુઓની સેવા કરવી, સ્વાધ્યાય કરવો, સંયમનું પાલન કરવું, યથાશક્તિ તપ કરવું અને અને દરરોજ દાન કરવું. જે દરરોજ આ શ્રાવકના ષટ્ આવશ્યક પાળે છે તે જ સદ્ગૃહસ્થ છે. કોઈ આપણને સદ્ગૃહસ્થ કહે તેટલા માત્રથી કાંઈ આપણે ગૃહસ્થ થતાં નથી પણ આપણા 'ભાવ' જો તે ગૃહસ્થધર્મને અનુરૂપ હોય તો જ આપણે સદ્ગૃહસ્થ કહેવાઈએ. દુનિયાના કહેવાથી વસ્તુનું સ્વરૂપ બદલાતું નથી પણ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે તેવું વસ્તુનું સ્વરૂપ છે. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યજીએ પણ 'સમયસાર'માં કહ્યું છે કે મુનિ કે શ્રાવકનો વેશ ધારણ કરવા માત્રથી મોક્ષ થતો નથી.

"મુનિલિંગ વા ગૃહીલિંગ એ લિંગો ન મુક્તિમાર્ગ છે,
ચારિત્ર-દર્શન-જ્ઞાનને, બસ મોક્ષમાર્ગ જિનો કહે."

કપડાં કાઢવા માત્રથી કાંઈ મુનિ બનાય નહિ પણ આત્માના ભાવ પ્રમાણે મુનિ કે ગૃહસ્થ બનાય છે. આપણે ક્રોધ કરીએ તે સમયે આપણો આત્મા ક્રોધ સ્વરૂપ થાય છે.

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ."

આવું જાણી કોઈ એમ કહે કે હું તો ક્ષમારૂપ છું તો હું ક્રોધ કરું તોય શું અને ન કરું તોય શું !! તો એવું નથી, જો તું ક્રોધ કરીશ તો તને અશુભ કર્મનો બંધ થશે જ.

ટૂંકમાં, જો જીવનને સાર્થક કરવું હોય તો ધર્મભાવનાને આગળ રાખીને જીવન જીવવું જોઈએ. ધર્મના ઘણા સ્વરૂપ છે. દયા તે ધર્મ તેમ જ જ્ઞાન, શ્રદ્ધા, આચરણ, ક્ષમા, વિનય વગેરે ધર્મના અંગ છે. કોઈ

ગાળ દે ત્યારે ચિંતવન કરવું કે હું ક્ષમા સ્વરૂપી આત્મા છું. કોઈ સ્તુતિ-પ્રશંસા કરે ત્યારે ચિંતવવું કે હું વિનય સ્વરૂપી આત્મા છું. આવું કરવાથી અનેક સદ્‌ગુણો જીવનમાં કેળવાય છે. કોઈપણ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, તો અનાદિથી અનભ્યસ્ત છે એવા મુમુક્ષુપણાની પ્રથમ ભૂમિકા વિકટ હોય તેમાં શું આશ્ચર્ય!

આત્મકલ્યાણ કરવું હોય અને ધીરજ ન હોય તો તે બની શકે જ નહિ. આત્મકલ્યાણ કરવું હોય અને ભગવાનના વચનમાં શ્રદ્ધા ન હોય તો તે બની શકે જ નહિ. ભક્તિ કરવા બેસીએ અને ખોટા વિચારો આવે તો ભક્તિ છોડી દેવી નહિ, પણ શાંતિ (ધીરજ) રાખવી. પ્રાર્થના કરવી, કારણ કે સંતો કહે છે,

"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને."

"ગજ, ગેંડા, કાયર પુરુષ, ગિરકર નાહિ ઉઠંત;
શૂરવીર ઔર ચતુર નર, ગિરકર ફેરિ ઉઠંત."

ગમે તેટલા દુઃખ કે કષ્ટ આવે, વિપરીત સંજોગો આવે તો પણ મુમુક્ષુ ક્યારેય ધર્મમાર્ગને છોડતો નથી. જો કોઈ એમ કહે કે બધા સંજોગો મારા અનુકૂળ થઈ જશે ત્યારે જ હુ ધર્મ કરીશ તેના માટે પરમ-તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"ગમે તેમ હો, ગમે તેટલા દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી."

**● ધર્મ અને અર્થરૂપી પુરુષાર્થ :**

ધર્મ પહેલા અને આજીવિકા પછી. સવારે પાંચ વાગ્યે ઊઠીને આજીવિકાનો પુરુષાર્થ કરવો નહીં. આજીવિકાના પુરુષાર્થનો સમય નિશ્ચિત અને જુદો જ રાખવો. સવારે ૫થી ૬ વાગ્યા સુધી ધર્મની ભાવના કરવી. સંતપુરુષની આજ્ઞા પ્રમાણે આજીવિકા તથા ધર્મનો પુરુષાર્થ કરવો. જો જીવનમાં આવું સમતુલન ન હોય તો જીવન નિરર્થક જાય છે. ધર્મનો વિરોધ કરે તે નરક-નિગોદમાં જાય છે. આ વિરોધ તે ધર્મનો નથી પણ પોતાના આત્માનો જ છે કારણ કે "धर्मः वस्तु (आत्म) स्वभावः ।"

સરકાર પણ ૫૮ વર્ષે તમને નોકરીમાંથી છૂટા કરે છે અને પેન્શન આપે છે. તમારા બે દીકરા કમાય છે, પૈસાની હવે જરૂર નથી. આમ છતાં જો તમે જીવનને યોગ્ય દિશા ન આપો તો તમે 'શઠ' કહેવાઓ. આપણી ઉંમર ૫૦-૫૫ થાય પછી આપણે કોઈ પણ સંસ્થા, દવાખાનું, મંદિર, ઉપાશ્રય વગેરેમાં કે સંતો-મહાત્માઓ આદિની નિઃસ્વાર્થભાવે સેવા કરવી જોઈએ. સ્વાધ્યાય - ભક્તિ કરીએ તો તો ઉત્તમ, પણ આખો દિવસ સાધના કરી શકીએ નહીં તેથી સેવા એ સાધનાનું અનિવાર્ય અંગ છે. સેવા કરવા માટે સૌ પ્રથમ અહંકાર, મમકાર, સ્વાર્થ છોડવાં પડે અને તો જ ધર્મ કરવા માટેની ઉત્તમ પાત્રતા પણ પ્રગટે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અમૂલ્ય તત્ત્વવિચાર'માં કહ્યું છે,

"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?"

જીવનને સાર્થક કરવું હોય તો વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રિયપણું - આ ગુણો પ્રગટાવવા અને તેને પ્રગટાવવાના ઉપાય છે - સત્સંગની ઉપાસના કરવી, ભગવાન અને સદ્‌ગુરુની વાણીનું વારંવાર ચિંતન-મનન કરવું, તેને સમજીને જીવનમાં તેનો પ્રયોગ કરવો. આપણા જીવનમાં અનેક પ્રકારના ગુણો પ્રગટે તો પછી સમક્તિની પ્રાપ્તિ થાય. એટલે 'આઠદૃષ્ટિની સજ્ઝાય' અનુસાર પાંચમી દૃષ્ટિમાં આત્મજ્ઞાન પ્રગટે છે. આમ, બળ કરીને ઔદયિક ભાવોનો સામનો કરવો અને ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ પ્રગટાવવાં, તો જીવન સાર્થક થાય. આપણે પણ આવો પુરુષાર્થ કરીને આપણા જીવનને સફળ બનાવવાનો પ્રયત્ન કરીએ.

॥ ૐ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૬૨

# જીવન છે ઉત્સાહનો ઉત્સવ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

કોઈ જ્ઞાની, સંત, સદ્‌ગુરુ કે અધ્યાત્મસાધક વ્યક્તિને ધ્યાનથી નિહાળજો. એમના ચહેરા પર, એમના કાર્યમાં, એમની ચાલવાની ઢબમાં કે એમની વાણી-વિચારમાં ઉત્સાહનું પૂર ઉમટ્યું હોય તેમ લાગશે. વર્તમાનનો ભરપૂર આનંદ અને આવતીકાલને આશા અને ઉમંગથી જોતું તેજ એમની દૃષ્ટિમાં છલકાતું હશે. માત્ર એમનો બાહ્ય દેખાવ જોનારમાં પણ નવીન ચેતનાનો સંચાર થાય છે. એક સમયે આપણા દેશના સંતોનો સંઘ સ્થળે સ્થળે ભ્રમણ કરતો હતો. એ સંઘમાં સંત સૌથી મોખરે ઉત્સાહભેર આગળ ચાલતા હોય અને પાછળ ભક્તજનો એટલા જ ઉમંગ અને તરવરાટથી એમની સાથે પગપાળા ચાલતા હોય. કોઈ ગાતા હોય, કોઈ નાચતા હોય, કોઈ જયનાદ ગજવતા હોય, પણ આ બધી ક્રિયામાં એમના હૃદયનો ઉત્સાહ ચોપાસ છલકતો હોય.

કેટલાક સાધુઓ નિરુત્સાહનું જીવંત દૃષ્ટાંત જેવા હોય છે. અધ્યાત્મને નામે ચલમ પીતા પીતા પડ્યા રહે છે. એમના ચહેરા પર ઉદાસીનતા હોય છે. જીવનમાં નિષ્ક્રિયતા હોય છે અને આથી જ સ્વામી વિવેકાનંદે આવી રીતે જીવનારા યોગીઓમાં ‘આધ્યાત્મિક આળસુવેડા’ હોવાનું કહ્યું હતું. આમાં સાધુ કે સાધક નિષ્ક્રિયતાને પોતાની આધ્યાત્મિકતામાં ખપાવવાની કોશિશ કરે છે. આપણા દેશમાં કેટલાય સાધુઓ આવું નિષ્ક્રિય અને પરાવલંબી જીવન ગાળતા હોય છે. એમના જીવનમાં ન તો અભ્યાસ હોય છે કે ન કોઈ જાગૃતિ. ઉત્સાહના અભાવે એ આધ્યાત્મિકતાનો અંચળો ઓઢીને એદી અજગરની જેમ પડ્યા રહેતા હોય છે. આવી વ્યક્તિઓ રાષ્ટ્ર અને સમાજને ભારરૂપ બનતી હોય છે અને એથી જ આજે આપણા દેશમાં સાધુઓની જમાત જોઈએ ત્યારે એમની સક્રિયતા, આધ્યાત્મિકતા અને ઉત્સાહ સામે પ્રશ્નાર્થ ખડો થાય છે.

આની સામે કોઈ ધર્મના રંગે રંગાયેલી વ્યક્તિ જોજો. એના જીવનમાં ઉભરાતો ઉત્સાહ જોજો. એની પાસે ધગશ હોય છે. કાર્ય કરવાની નિષ્ઠા હોય છે અને એ પ્રકારનું આચરણ હોય છે. એનામાં હકીકતથી ભાગવાની કે કામ ટાળવાની વૃત્તિ હોતી નથી અને એના ઉત્સાહ પરથી તમે તારવી શકશો કે એનો ઈશ્વર સાથે કેવો પ્રગાઢ નાતો છે. એના ચહેરા પર છલકાતા ઉલ્લાસના ભાવો એની ભીતરની પ્રસન્નતાનું આઈડેન્ટીટી કાર્ડ (ઓળખપત્ર) હોય છે અને એના હૃદયમાં ભક્તિનો એવો રંગ જામ્યો હોય છે કે એની પ્રભુ પ્રત્યેની ભક્તિ પદે પદે પ્રગટ થાય છે. એ જોશ, ઉત્સાહ અને આવેગથી અધ્યાત્મજીવન જીવતો હોય છે. એનો અર્થ એ નથી કે એના જીવનમાં દુ:ખો કે યાતના આવતા નથી. એની સામે મુશ્કેલીનો ડુંગર ખડકાયેલો હોય, તો પણ એનો ઉત્સાહ એ મુશ્કેલીઓને બદલે એને આધ્યાત્મિક મસ્તીમાં રંગાયેલો રાખે છે.

એ જિંદગી જોશથી અને જુસ્સાથી જીવતો હોય છે અને આ ઉત્સાહના પરિણામે એની આંતરશક્તિઓનું પ્રાગટ્ય થતું હોય છે. ‘રામાયણ’ મહાકાવ્યના ઋષિ વાલ્મિકીએ

ઉત્સાહનું માર્મિક અને પ્રભાવક વર્ણન કરતાં કહ્યું,
"उत्साहो बलवानायं नास्त्युत्साहात्परं बलम् ।
सोत्साहस्य हि लोकेषु न किंचिदपि दुर्लभम् ॥"

"ઉત્સાહ જ બળવાન હોય છે. ઉત્સાહથી વધુ મોટું બીજું કોઈ બળ નથી, ઉત્સાહી પુરુષને માટે જગતમાં કોઈ વસ્તુ દુર્લભ નથી."

આ ઉત્સાહ એ ભારેખમ નથી, ઉત્સાહથી હસતા હસતા કામ થાય છે. રમતા રમતા પ્રભુનામ લેવાય છે અને ગમતા ગમતા સઘળાં કામ થતાં હોય છે. બીજાઓને જે જીવન ભારરૂપ, કંટાળાજનક અને નિરાશામય લાગે છે, તે જ જીવન ઉત્સાહી વ્યક્તિને માટે આનંદ-વૃદ્ધિનો અવસર બને છે. એ સતત પુલકિત રહેતો હોય છે, કારણકે એને સાચી દિશા મળી ગઈ હોય છે. એનામાં જગત-વ્યવહાર અને જીવન-સ્થિતિ વિશે સાક્ષીભાવ કેળવાયો હોય છે. પોતાના જીવનમાં આઘાત અને આનંદની, વિષાદ અને ઉલ્લાસની ઘટનાઓ બનતી એ 'જોતો' હોય છે. એના જીવનની એ ઘટનાઓનો એ સાક્ષી હોય, તે રીતે એનાથી લિપ્ત થયા વિના દૂર રહીને જોતો હોય છે.

એની સાથે સ્નેહભર્યા સંબંધો રાખનાર કોઈ વ્યક્તિ દુઃવર્તાવ કરે, તો પણ એ સાંખી લેતો હોય છે, કારણકે એના સાક્ષીભાવને વ્યક્તિના બદલાયેલા રૂપને જોવાની મજા આવે છે. એ વિચારે છે કે આ જ વ્યક્તિ એક સમયે કેવી રીતે વર્તતી હતી અને આજે કઈ રીતે વર્તે છે ! એને વ્યક્તિના દુર્વ્યવહારથી દુઃખ જરૂર થાય છે, પરંતુ મનોમન વિચારે છે એ વ્યક્તિના અંતરંગની એક ઓળખ તો મળી ને ! આથી એ અન્ય વ્યક્તિ તરફ ઘૃણા કે તિરસ્કાર દાખવવાને બદલે એને એક 'અભ્યાસની ચીજ' તરીકે જોશે. દુઃખમાં સાક્ષીભાવ રાખનાર જીવન જીવવાનો આનંદ પામી શકે છે અને આવી વ્યક્તિ જ પોતાની પ્રતિભા ખીલવી શકે છે. એના જીવનકાર્યમાં રહેલો ઉત્સાહ એને નવું નવું સર્જન કરવા પ્રેરતો હોય છે. હકીકતમાં તો કોઈ સર્જકનું સર્જન, વિજ્ઞાનીનું સંશોધન કે કોઈ નિષ્ણાંતની શોધ - એ બધું આ ઉત્સાહનું જ પરિણામ હોય છે.

વહેલી સવારે ઉત્સાહભેર તમે તમારા પલંગમાંથી ઊઠો ત્યારે તમને કેવું લાગે છે ? એ સમયે તમને એક પ્રકારની સ્ફૂર્તિનો અનુભવ થાય છે. જીવનની એક સોનેરી સવારનો આનંદ અનુભવો છો. આજુબાજુનું વાતાવરણ હસતું-જીવતું લાગે છે અને તમે નિત્યકર્મ શરૂ કરો, ત્યારે એક પ્રકારનો જુસ્સો અનુભવો છો. ચોતરફ તાજગી ને તરવરાટ દેખાય છે.

ઉત્સાહીનું પ્રભાત આવું હોય છે, તો નિરુત્સાહીનું પ્રભાત કેવું હોય ? એ સવારે ઊઠે છે, ત્યારે આખી રાતનો બોજ લઈને સ્વપ્નથી વિક્ષુબ્ધ નિદ્રા પૂર્ણ કરીને ચિંતાથી ગમગીન બનીને ઊઠતો હોય છે. એ આંખો ચોળશે, ત્યારે એને પોતાના શરીરમાં ઊંડે સુધી પડેલી આળસનો અનુભવ થશે. ચોપાસના વાતાવરણ તરફ એ તિરસ્કાર દૃષ્ટિથી જોશે અને સામે ઘરના સ્વજનો હશે, તો એમને જોઈને એના ચહેરા પર સ્મિતને બદલે ઉપેક્ષા કે નારાજગી આવશે. ફરિયાદ, નિરાશા અને દોષદર્શનની ઉષા સાથે એનું પ્રભાત ઊગશે. સામાન્ય રીતે સવારે વ્યક્તિની શક્તિ અને સ્ફૂર્તિ પરાકાષ્ઠાએ હોય છે, જ્યારે નિરુત્સાહી વ્યક્તિ ઊઠતાંની સાથે જ એવો અનુભવ કરશે કે એની સઘળી શક્તિઓ શોષાઈ ગઈ છે, તેથી એને કોઈ બાબત આનંદિત કરી શકશે નહીં.

ઉત્સાહ હશે તો જીવનમાં વ્યક્તિનો

અભિગમ ધગશભર્યો બની રહેશે અને એ ઉત્સાહને જાળવશે, તો એનામાં ઉત્સાહની સતત વૃદ્ધિ થયા કરશે. સંત મન્સૂરનો ઉત્સાહ જુઓ. એણે ઉર્દૂમાં લખેલા કાવ્યનું ગુજરાતી રૂપાંતર જોઈએ :

"હંમેશાં ખા હંમેશાં પી, ન ગફલતમાં રહે પળવાર,
હુકમ છે શ્રી હરિનો, તું અહમ્ બ્રહ્માસ્મિ કહેતો જા;
કહે મન્સૂર મસ્તાના, હરિ જાણ્યા મેં અંતરમાં,
અહીં મસ્તી તણો અડ્ડો - તું એની માંહી આવી જા."

અહીં મસ્તાનો મન્સૂર અધ્યાત્મસાધકોને પોતાના 'અડ્ડા' પર બોલાવી રહ્યો છે. તમે કલ્પનાથી વિચાર કરો તો ઉત્સાહથી ઝૂમતો સંત મન્સૂર જોવા મળશે. એના આધ્યાત્મિક આનંદની છાલકનો પણ વાચકને સતત અનુભવ થશે. આવો ઉત્સાહ સાંસારિક જીવન જીવનારને સ્વસ્થ રીતે પ્રગતિની પ્રેરણા આપે છે. જીવનના અવરોધોથી એ અટકી જતો નથી, મુશ્કેલીઓથી મહાત થતો નથી, પરંતુ એ આ બધાને સાથે લઈને ઉત્સાહથી જીવનમાં આગળ ધપતો હોય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો આવો ઉત્સાહ વ્યક્તિના આંતરવિકાસ માટે જરૂરી છે. આને પરિણામે સાધક સાધનાજીવનની મુશ્કેલીઓને ઓળંગી શકે છે અને અધ્યાત્મને માર્ગે આગળ ધપતો રહે છે. કદાચ જીવનમાં બનતી ઘટનાઓથી એનો 'મૂડ' બદલાય છે, પરંતુ ફરી પાછો એનો ઉત્સાહ એના જીવનને મૂળ માર્ગે લાવી દે છે, એથી જ એમર્સન જેવા વિચારકે લખ્યું છે કે, "ઉત્સાહ વિના ક્યારેય કોઈ મહાન ધ્યેયની પ્રાપ્તિ થઈ નથી."

વળી, એક વ્યક્તિનો ઉત્સાહ બીજી વ્યક્તિમાં ઉત્સાહનું સર્જન કરે છે. દાંડીકૂચ કરતા ગાંધીજી અને સત્યાગ્રહીઓને જોશો, તો એમના ચહેરા પર અને એમની ચાલમાં જ ઉત્સાહનો અનુભવ થશે. આનો અર્થ જ એ કે તમે ઉત્સાહી હશો, તો તમારા સાથીઓ જોશીલા બનશે અને તમારો એ ઉત્સાહ તમારી લાગણીઓને યોગ્ય દિશામાં વાળશે. આથી વર્તમાનજીવનને ઉત્સાહભેર આલિંગન આપો, તો આખું જીવન ઉત્સાહનો મહોત્સવ બની જશે. ■ ■ ■

## હાર નથી થતી !

લહેરોના ડરથી નૌકા પાર નથી થતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
નાની કીડી જ્યારે દાણો લઈ ચાલે છે, ચડતાં દીવાલો પર સો વાર લપસે છે,
મનનો વિશ્વાસ નસોમાં સાહસ ભરે છે, ચડીને પડવું પડીને ચડવું નિશ્ચય દૃઢ કરે છે !
છેવટે એ જ મહેનત બેકાર નથી જતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
ડૂબકીઓ સાગરમાં મરજીવા લગાવે છે, જઈ જઈને એ ખાલી હાથે બહાર આવે છે,
મળતાં નથી મોતી સહેજે ઊંડા પાણીમાં, વધે છે ઉત્સાહ બમણો આ પરેશાનીમાં;
મુઠ્ઠી એની દર વખતે ખાલી નથી હોતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
નિષ્ફળતા એક પડકાર છે - સ્વીકારી લો, શું ખામી રહી ગઈ જુઓ અને સુધારી લો,
જ્યાં સુધી સફળ ન થાઓ, ઊંઘ ચેનની ત્યાગો તમે, સંઘર્ષોનું મેદાન છોડી કદી પણ ભાગો ન તમે;
કંઈ કર્યા વગર જ જયજયકાર થતો નથી, કોશિશ કરવાવાળાની હાર થતી નથી.

# શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
(ક્રમાંક - ૨૧)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સત્‌સ્વરૂપના સ્વામી, વિદેહીદશાધારક, સ્વરૂપનિષ્ઠ પરમકૃપાળુદેવની અધ્યાત્મગિરા ઉદ્‌બોધે છે, ''જરા સમતા આવે કે અહંકાર આવીને ભુલાવે છે કે 'હું સમતાવાળો છું' માટે ઉપયોગ જાગૃત રાખવો. માયાને શોધી શોધીને જ્ઞાનીએ ખરેખર જીતી છે. ભક્તિરૂપી સ્ત્રી છે. તેને માયા સામી મૂકે ત્યારે માયા જીતાય. ભક્તિમાં અહંકાર નથી માટે માયાને જીતે. આજ્ઞામાં અહંકાર નથી. સ્વચ્છંદમાં અહંકાર છે. રાગદ્વેષ જતાં નથી ત્યાં સુધી તપશ્ચર્યા કરી તેનું ફળ શું ? જનકવિદેહીમાં વિદેહીપણું હોય નહીં, કલ્પના છે, સંસારમાં વિદેહીપણું રહે નહિ એમ ચિંતવવું નહીં. પોતાપણું મટે તેનાથી રહેવાય. મારું તો કાંઈ નથી. મારી તો કાયા પણ નથી. માટે મારું કાંઈ નથી એમ થાય તો અહંકાર મટે એ યથાર્થ છે. જનકવિદેહીની દશા બરોબર છે. વસિષ્ઠજીએ રામને ઉપદેશ દીધો ત્યારે રામે ગુરુને રાજ અર્પણ કરવા માંડ્યું; પણ ગુરુએ રાજ લીધું જ નહીં. પણ અજ્ઞાન ટાળવાનું છે એવો ઉપદેશ દઈ પોતાપણું મટાડ્યું. અજ્ઞાન ગયું તેનું દુઃખ ગયું. શિષ્ય અને ગુરુ આવા જોઈએ.''

અહંકારના મૂળ ઊંડા છે. અહંકાર - મમકાર સાથે રહે છે. જેટલો અહંકાર મંદ થાય - નાશ પામે ત્યારે મમકાર પણ મંદ પામતાં નષ્ટ થાય છે. ભક્તિવાન સરળતાના ઘરમાં રહેતો હોવાથી સદ્‌ગુરુ આજ્ઞાએ સહજ વિકાસ સાધી શકે છે. દિવ્યવાણી અમૃતમય અને અપૂર્વ છે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર' અધ્યાત્મગ્રંથનું અમૃત રસપાન આસ્વાદી રહ્યા છીએ. શ્લોક તેરમાં આપણે વિચાર્યું કે શરીરમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા છે. તે પોતાના આત્માને સ્વ શરીર સાથે સંબંધ બાંધે છે. જ્યારે અંતરાત્મા પોતાના શરીર સાથે સંબંધ અલગ કરે છે. હવે શ્લોક ચૌદમાં કરુણાભાવથી પ્રકાશે છે કે બહિરાત્મા મમત્વભાવથી જીવ્યા કરે છે. દુઃખી થાય છે. અરે, જગત આમ જ હણાઈ રહ્યું છે. જગતના જીવો કાલ્પનિક જગતમાં રાચી રહ્યા છે. સ્વ સ્વરૂપનું ભાન નથી માટે હે ભવ્ય આત્માઓ ! અમૃત સ્વરૂપ આત્માનો આશ્રય લઈ અંતરસુખને માણો એવી શુભબુદ્ધિથી આચાર્યદેવ પોતાના હૃદયની ભાવનાને વ્યક્ત કરે છે :

**देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।**
**संपत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत् ॥१४॥**

**પદ્યઃ** દેહમાં આત્મબુદ્ધિથી, પુત્રાદિ નિજ કલ્પતો;
મહત્તા માની પોતાની, તેમાં હા ! જગ-હાણ જો.

**અન્વયે :** देहेषु आत्मधिया पुत्रभार्यादिकल्पनाः ताभिः सम्पत्तिं आत्मनः मन्यते हा जगत् हतम् ।

**શબ્દાર્થ :** देहेषु = શરીરોમાં, आत्मधिया = આત્મબુદ્ધિના કારણે, पुत्रभार्यादिकल्पनाः = મારો પુત્ર, મારી પત્ની વગેરે કલ્પનાઓ ઉત્પન્ન થાય છે, तेभिः = તે કલ્પનાઓને કારણે, सम्पत्तिं = સંપત્તિને आत्मनः = પોતાની, मन्यते = માને છે, हा = ખેદજનક શબ્દ, जगत् = બહિરાત્માઓ, हतम् = હણાઈ રહ્યું છે, દુઃખી થઈ રહ્યું છે.

**ભાવાર્થ :** બહિરાત્મા શરીરોમાં આત્મબુદ્ધિને કારણે મારો પુત્ર, મારી સ્ત્રી ઈત્યાદિ કલ્પનાઓ

ઉત્પન્ન કરે છે. એ કલ્પનાઓને કારણે સ્ત્રી-પુત્રાદિની સંપત્તિને, સમૃદ્ધિને પોતાની માને છે. અરે ! આ જગતના જીવો આમ જ હણાઈ રહ્યા છે. દુઃખી થઈ રહ્યા છે.

**વિશેષાર્થ :** દેહને જ આત્મા માનવાની બુદ્ધિ હોવાથી દુઃખી થાય છે. અનંતકાળથી આવી માન્યતામાં જીવ્યો છે. અજ્ઞાનતાને કારણે દેહ અને આત્મા એક રૂપે ભાસે છે. તેને કારણે સંસારની બધી પ્રવૃત્તિ અજ્ઞાનમય રહે છે. દેહનો સ્વભાવ નાશવન્ત છે, સંયોગ-વિયોગ જન્ય છે, સુખ-દુઃખ જન્ય છે, રાગ-દ્વેષમય છે, ક્રોધ-માન-માયા-લોભની ઉત્પત્તિનું સ્થાન છે એવું નહિ માનતા બહિરાત્મા જગતમાં દુઃખને જ અનુભવે છે.

देहेषु आत्मधिया पुत्रभार्यादिकल्पनाः (करोति) અજ્ઞાની શરીરોમાં આત્મબુદ્ધિ કરે છે. 'શરીર તે હું છું' એવા મિથ્યા અભિપ્રાયમાં જીવે છે. તે અજ્ઞાનતાને કારણે પુત્ર-પરિવારમાં પોતાપણાની કલ્પના કરે છે. પુત્ર મારો છે, પત્ની મારી છે, મિત્ર પરિવાર મારા છે એવી માન્યતામાં જીવે છે. બહિરાત્મા પુત્રના દેહને પુત્ર માને છે, પત્નીના દેહને પત્ની માને છે, પિતાના દેહને પિતા માને છે તથા માતાના દેહને માતા માને છે. પુત્ર ઉપરના મોહને કારણે તેના જન્મથી પ્રસન્ન થાય છે. રાગભાવની વૃદ્ધિ કરે છે. તેના શરીરને અનુકૂળ બાહ્ય સામગ્રીઓ ભેગી કરે છે. પુત્રની ચિંતામાં દિવસો પસાર કરે છે. પુત્રને રોગ થાય તો ખેદ કરે છે અને અંતરમાં એવા ભાવ કરે છે કે તેને રોગ આવ્યો તેના કરતાં મને રોગ આવ્યો હોત તો સારું હતું. રોગને દૂર કરવાના ઉપાયો દવા-ડૉક્ટર આદિની પૂરી વ્યવસ્થા કરે છે. પુત્ર જો પિતા ઉપર ગુસ્સો કરે, દુઃખ આપે, પિતાનું કહ્યું માને પણ નહિ તો પણ પિતા, પુત્રના રાગને કારણે પ્રેમથી તેના અન્ય કાર્યો કરે છે.

કેટલીકવાર પુત્રમોહને કારણે પુત્રના અપલક્ષણ હોય, તેને પણ લાડને કારણે પોષે છે. પુત્રના મમત્વથી અતિગુસ્સાને પણ પિતા સહન કરે છે. પુત્ર અભ્યાસ કરવાની અર્થાત્ શિક્ષણ લેવાની ના કહે તો પણ મમત્વભાવને કારણે પુત્રને અશિક્ષિત રાખે છે. આંધળો મોહ શું ન કરે ? પુત્રના દેહને પુત્ર માનતો હોવાથી તેના શરીરની પુષ્ટિ માટે સારા વ્યંજન લાવી આપી દેહની પુષ્ટિ માટે પ્રયત્ન કરે છે. જ્યારે યુવાન બને છે ત્યારે તેનું લગ્ન ગોઠવી, લગ્નનો લહાવો પિતા લેતો હોય છે. જો પુત્રવધૂ વિપરીત સ્વભાવની આવે તો ક્લેશિત થાય છે. મેં દીકરાને કેવી રીતે મોટો કર્યો છે, હવે મારી સામે નજર પણ કરતો નથી ! પુત્રમોહની પરાકાષ્ઠામાં પિતા જીવે છે.

**દૃષ્ટાન્ત :** મહાભારત આદિમહાકાવ્ય છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્ર પુત્રમોહમાં રાજ્યધૂરાના સિદ્ધાન્તોને, રાજ્યની નીતિમત્તાને, રાજ્યની સંપત્તિને ભૂલીને પુત્ર દુર્યોધનની મમત્વબુદ્ધિમાં અનેક અયોગ્ય કૃત્યો આચરે છે. દુર્યોધનની અને દુઃશાસનની દુષ્ટમતિને જાણતાં હોવા છતાં તેમના દુષ્ટ કૃત્યોને સ્વીકારી લે છે. પુત્રમોહની પરાકાષ્ઠા તો મહાભારતમાં કેવી વ્યાસજીએ દર્શાવી છે કે સામાન્ય રાજવી પણ એવા અકાર્ય સાથે જોડાય નહિ. દ્યુતક્રીડાનો પ્રસંગ - પાંચ પાંડવોની દ્યુતમાં હાર થઈ. દુર્યોધન પુનઃ દ્યુતમાં જીત મેળવે છે. છેલ્લે તો હોડમાં દ્રુપદપુત્રી દ્રૌપદીને મૂકે છે. તેનું વસ્ત્રાહરણ થાય છે છતાં પિતા ધૃતરાષ્ટ્ર પુત્રમોહમાં મૌન સેવે છે. મહાભારતનું મહાયુદ્ધ થાય છે ત્યારે સંજયને યુદ્ધભૂમિ ઉપર શું ઘટના બની રહી છે તે જાણવા માટે શ્રીમદ્ ભગવદ્ગીતાનો પ્રથમ શ્લોક -

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत संजयः ॥

અર્થાત્ ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠાં થયેલાં

યુદ્ધની ઈચ્છાવાળા મારા તથા પાંડુના પુત્ર - પાંડવોએ શું કર્યું તે મને કહે.

મારા પુત્રો - मामकाः બહિરાત્મા મારા પુત્રો, મારી પત્ની એવા મમત્વભાવથી જીવે છે અને દુઃખી થાય છે. ભવોદધિમાં ભમે છે. ધૃતરાષ્ટ્ર મારા પુત્ર, મારું રાજ્ય, મારી પત્ની એવા મમત્વભાવના વ્યામોહમાં સતત ચિંતીત છે. પાંડવો નીતિમાન છે. શૂરવીર છે. તેમના પક્ષમાં ભગવાન શ્રીકૃષ્ણ છે તો પણ મિથ્યાત્વરૂપી અંધકાર છવાયેલો હોય ત્યારે સત્યબોધ પણ તેને વિષતુલ્ય લાગે છે.

सम्पत्तिम् ताभिः आत्मनः मन्यते - પુત્ર-પરિવારની સંપત્તિને પણ બહિરાત્મા મારી માને છે. પુત્ર-બન્ધુની સંપત્તિથી પોતે સમૃદ્ધ છે તેનો ગર્વ લે છે !

શાસ્ત્રમાં આવે છે કે મિથ્યાદર્શન વડે કોઈ વાર બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં સંપત્તિને પોતાની માને છે. પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, અશ્વો, મહેલો, નોકર-ચાકર વગેરે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે, સદાકાળ પોતાને આધીન નથી એમ પોતાને જણાય તો પણ તેમાં એકત્વ-મમત્વ કરી રાગ-દ્વેષથી બંધાય છે. ભ્રમબુદ્ધિને કારણે સત્ય સ્વરૂપ અવભાસતું નથી.

શ્રી પૂજ્યપાદ આચાર્ય સ્વગ્રંથ 'ઈષ્ટોપદેશ'માં કહે છે,

**वपुगृहं धनं दाराः पुत्रा मित्राणी शत्रवः ।**
**सर्वथान्य स्वभावानि मूढः स्वानि प्रपद्यते ।।**

અર્થાત્ શરીર, ઘર, ધન, પત્ની, પુત્રો, મિત્રો, શત્રુઓ સર્વથા સ્વભાવથી અન્ય છે. પોતાના સ્વભાવને લઈને પોતામાં સ્થિર છે તો પણ મૂઢ અજ્ઞાની બહિરાત્મા પોતાના માને છે. આ વિશે વિપરીત અભિપ્રાય અનંતાનુબંધી કર્મનું કારણ બને છે. જો અભિપ્રાય, માન્યતા, સદ્‌ગુરુબોધ, સ્વ રુચિ, પુરુષાર્થથી સમ્યક્ થાય તો મોક્ષદશા પ્રગટ થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સદ્‌ગુરુના માર્ગદર્શન અને કૃપાભાવના સાથે સ્વપુરુષાર્થમાં ઉગ્રતા સાધતા અનુક્રમે ૫-૬-૭ ગુણસ્થાને આરોહણ કરે છે. ૮ ગુણસ્થાને ક્ષપકશ્રેણીનો સાધક બની ૯-૧૦-૧૨ ગુણસ્થાનની ગુણશ્રેણી પામી ૧૩ ગુણસ્થાને સયોગી કેવળી સ્વરૂપે બિરાજે છે. ચાર ઘાતીકર્મ ક્ષય થાય છે. આયુષ્ય પૂર્ણ થતાં અઘાતી કર્મ નાશ પામે છે. સાદિ અનંત અનંત સમાધિ-સુખમાં મોક્ષદશા પામે છે, જેનો યથાર્થ ભાવ ગુણસ્થાન આરોહણ કાવ્યમાં પરમકૃપાળુદેવે ભાવના-મનોરથ રૂપે વ્યક્ત કર્યો છે. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? આ અધ્યાત્મ કાવ્ય સાધકોએ અંતઃકરણમાં ચિંતવવા યોગ્ય છે.

हा जगत् हतम् - શ્રી આચાર્યદેવ કારુણ્યભાવથી જગતના જીવો જગતમાં હણાઈ રહ્યા છે, જગતમાં બહિરાત્મભાવથી દુઃખી થઈ રહ્યા છે - એમ જણાવે છે.

પર પદાર્થ ક્યારેય 'મારા' થતાં નથી. હું ક્યારેય પદાર્થમય થતો નથી એવું સ્પષ્ટ, સ્વાધીન, સ્વતંત્ર, સ્વાશ્રિત વસ્તુનું સ્વરૂપ છે. તેની બહિરાત્માને સમજ નથી તેથી 'મારા, મારા' કરીને મરી રહ્યો છે.ખરેખર તો જેને 'મારા, મારા' કહે છે. તે ચૈતન્યમય, ચિદ્રુપ સ્વચેતનાને મોહને કારણે મારા-મારનારા બનીને આવે છે. ફાંસી પર વ્યક્તિને - માંચડે ઊભો રાખે ત્યારે આજુબાજુ 'મારા' ઊભા રાખે છે. તે ગુનેગાર વ્યક્તિને સજા આપે છે. અર્થાત્ મમત્વભાવમાં વધુ જોડી ચૈતન્યને હણે છે માટે મારા મારા - મમત્વભાવને છોડ એવું પૂ. આચાર્યદેવનું સમત્વભાવે સંબોધન છે.

अचेतने तत्कृतबन्ध ... શ્લોકમાં કહે છે, अचेतन वस्तुओं से तथा उनसे होनेवाले बन्धसे उत्पन्न वस्तुओं में 'यह मेरी है' इस प्रकार की अभिनिवेश

रूपी पिशाच से क्षणभंगुर चीजों में शाश्वतका निश्चय कर लेने से यह संसार नष्ट हो रहा है । ऐसा तत्त्व है भगवन् ! आपने कहा है ॥'

શ્રી આચાર્યદેવ - ભાવલિંગી મુનિ - જગતની નશ્વરતા, અજ્ઞાનીની પરિભ્રમણ દુઃખમય દશા જોઈને હા ! હા ! એવો ખેદયુક્ત ભાવ વ્યક્ત કરે છે. આ દેહને સ્નાન, સુગંધી વસ્તુઓથી સ્નાન કરાવે કે હૃષ્ટપુષ્ટ કરે તો પણ કાચા ઘડામાં પાણી ભરવામાં આવે અને ફૂટી જાય તેમ આ કાયા અને કાયા સાથે સંબંધી સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ નષ્ટ થાય છે. છતાં જગતના જીવો અજ્ઞાનતાને કારણે મોહબુદ્ધિમાં જ જીવે છે. મોહરાજાનો મંત્ર છે - अहं ને मम. આથી જગત અંધ થઈ દુઃખ અનુભવે છે.

**अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्धकृत् ।**

જ્ઞાનરૂપ ચક્ષુનો નાશ કરનાર, જગતને અંધત્વમાં ધકેલી દેનાર મોહરાજાનો દેવઅધિષ્ઠિત મંત્ર છે, જેથી મોહી જીવ આ મંત્રથી મંત્રિત થઈ જગતમાં ભળી નવા કર્મ બાંધે છે અને રખડે છે. જેમ કૂવા ઉપર રેંટ હોય ત્યાં ઘડો ભરાય છે અને બહાર ઠલવાય છે. વળી ભરાય છે, ઠલવાય છે. રેંટ ઉપર જાય ત્યારે નીચેના ઘડા ભરાય છે. ઉપરના ઠલવાય છે. આવી ક્રિયા નિરંતર કૂવા ઉપર ચાલ્યા કરે છે.

તેવી રીતે બહિરાત્મા જગતમાં રહી દુઃખી થાય છે. કર્મ બાંધે છે. ફરી બીજી ગતિમાં જાય છે. ત્યાં કર્મ બંધાય છે. વળી બીજી અનેક ગતિમાં ગમન કરે છે. આમ, જગત હણાઈ રહ્યું છે.

શ્રી શિવકોટી આચાર્ય 'ભગવતી આરાધના' ગાથા ૭૩૧માં બહિરાત્માના ભાવને સ્પષ્ટ કરતાં લખે છે, "મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેનાથી ધતુરાથી ઉપજેલ મોહ સારો છે. દર્શન-મોહ અનંતાનંત જન્મમરણ વધારે છે. ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંત ભયપર્યન્ત જીવને અચેત કરી કરીને મારે છે. માટે જન્મમરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે." બહિરાત્મા મિથ્યાત્વના મોહમાં પ્રેમથી પુરાય છે અને જગતમાં રખડે છે.

નિજસ્વરૂપમાં વિશ્રામ થતાં જગતનું ભ્રમણ મટે છે. તે અર્થે પૂજ્ય બેનશ્રી ચંપાબેનની અમૃત સરસ્વતી કહે છે, "અરે જીવ ! અનંત અનંત કાળ વીત્યો. તે પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભ-અશુભ વિકલ્પો કરીને જન્મમરણ કર્યા. હવે અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર... ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ અને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ." બહિરાત્માને આ વાત રુચે તો અંતરાત્મા બની જાય.

આંક ૨૧ - વચનામૃત તેમાં પરકૃપાળુ સત્ય ઉદ્‌ઘોષ કરે છે,

(૧) "આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે.

(૨) એકાંત ભાવી કે એકાન્ત ન્યાયદોષને સન્માન ન આપજો.

(૩) કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

(૪) જે કૃત્યમાં પરિણામે દુઃખ છે તેને સન્માન આપતાં પ્રથમ વિચાર કરો.

(૫) કોઈને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહી; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે."

**(ક્રમશઃ)**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન
**(ક્રમાંક - ૧૦)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

**रागद्वेष वियुक्तैस्तु विषयानिन्द्रियैश्वरम ।**
**आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ।।६४।।**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૪

**प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।**
**प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ।।६५।।**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૫

**ગુજરાતી અનુવાદ :**

**રાગ ને દ્વેષ છૂટેલી ઈન્દ્રિયો વિષયોગ્રહે,**
**વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા. ૬૪**
**પામ્યે પ્રસન્નતા એનાં દુઃખો સૌ નાશ પામતાં;**
**પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર. ૬૫**

**શબ્દાર્થ :** જેનું મન પોતાને આધીન છે (વશ છે) એ પ્રીતિ અને દ્વેષથી રહિત પોતાને સ્વાધીન, ઈન્દ્રિયોથી વિષયોમાં વિચરતો છતાં પણ પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. ચિત્ત પ્રસન્ન રહેવાથી એના સર્વ દુઃખ દૂર થાય છે અને પ્રસન્ન ચિત્ત થવાથી એની બુદ્ધિ સ્થિર થાય છે.

**ભાવાર્થ :** જેઓએ મનને વશ કર્યું છે અને કોઈ પ્રત્યે જેઓ આસક્તિ તથા દ્વેષભાવ કરતા નથી તેઓ ઈન્દ્રિયોથી વિષયભોગ કરવા છતાં પ્રસન્ન રહે છે - એટલે ખિન્ન થતા નથી. ચિત્ત પ્રસન્નતાના કારણે તેઓ દુઃખનું વેદન કરતા નથી અને તેઓ સ્થિતપ્રજ્ઞ બની જાય છે.

**વિશેષાર્થ :** રાગદ્વેષ - એટલે કે ક્રોધ, માન, માયા, લાભ ઘટાડવાં અને ક્રમે કરીને મટાડવાં તે જ સાધકનો પ્રથમ પુરુષાર્થ છે, જે તેને સ્થિતપ્રજ્ઞદશા સુધી લઈ જાય છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્‌જી કહે છે,

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતરદયા, તે કહીએ જિજ્ઞાસ."

**- શ્રી આત્મસિદ્ધિ ગાથા-૧૦૮**

(કષાય = ક્રોધ, માન, માયા, લોભ)

રાગ-દ્વેષ ઘટાડવા માટે મનને વશ કરવું અનિવાર્ય છે. એના વડે ઈન્દ્રિયો વશ કરી શકાય છે. "મન જીતવું બહુ બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે... મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે... છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માંગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહી. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવા નહિ. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે તેને દોરવું; અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં."

**- શ્રીમદ્ રાજચંદ્રજી, શ્રી મોક્ષમાળા - ૬૮**

મનને વશ કરવા માટે જે વિઘ્નો છે તે દોષો દૂર કરવાં - જેમકે આળસ, અનિયમિત ઊંઘ, વિશેષ આહાર, અનિયમિત કામ - આદિ અઢાર દોષ કહ્યાં છે. (મોક્ષમાળા - પાઠ ૧૦૦) તે દોષો દૂર થવાથી મનનો નિગ્રહ થઈ શકે છે અને ધારેલી સિદ્ધિ મળી શકે છે.

જે મહાપુરુષોને પરમાત્મદર્શન - આત્મજ્ઞાન થઈ ગયું છે અને તેના ફળરૂપે રાગદ્વેષ છૂટી સમત્વભાવ પ્રગટી ગયો છે તેઓ કોઈ કારણવશાત્ ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તે છે તો પણ તેમને તે બંધન અને દુઃખના કારણ થતાં નથી. તેનું મુખ્ય કારણ છે કે તેઓ તેમાં તન્મય થતા નથી. તેના ફળરૂપે તેઓ નિરંતર પ્રસન્ન રહે છે.

## દૃષ્ટાંતો તથા અવતરણો

- **ભગવાન શ્રી રામનું દૃષ્ટાંત :** ૧૪ વર્ષનો વનવાસ થયો ત્યારે માતાઓ, પિતા અને અયોધ્યાની પ્રજા દુઃખથી રડતા હતા પણ શ્રી રામ મહાજ્ઞાની હતા, તેમના રાગદ્વેષ મંદ પામ્યા હતા તેથી તેઓ પ્રસન્ન હતા.

- આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ, મનમાં ચિર નહીં હોય;
  કારણવશ કાંઈ પણ કરે, ત્યાં બુધ તત્પર નો'ય.
  **- શ્રી સમાધિશતક - ૫૦**

જેમના જીવનમાં પરમાત્મદર્શન - આત્મજ્ઞાન જ ધ્યેય બની ગયું છે તેમને કોઈ સંસારી કાર્યમાં તન્મયતા થતી નથી. કારણવશ સંસારી ક્રિયા કરે તો તે રસરહિતપણે સંભવે છે. તેથી તીવ્ર કર્મબંધ થતો નથી.

- જ્ઞાનકલા જિનકે ઘટ જાગી,
  તે જગમાંહિ સહજ વૈરાગી,
  જ્ઞાની મગન વિષય સુખ માંહિ,
  યહ વિપરીત સંભવે નાહિ.

- જે નિજ પૂરબ કર્મ ઉદય,
  સુખ ભુંજત ભોગ ઉદાસ રહેંગે,
  જે દુઃખમેં ન વિલાપ કરે,
  નિર્બેર હિયે તન તાપ સહેંગે;
  હૈ જિનકે દૃઢ આતમજ્ઞાન,
  ક્રિયા કરિકે ફલકો ન ચહેંગે,
  તે સુવિચક્ષણ જ્ઞાયક હૈ,
  તિનકો હમ તો કર્તા ન કહેંગે.
  **- શ્રી સમયસાર નાટક, પંડિતવર્યશ્રી બનારસીદાસજી**

**શબ્દાર્થ :** વિદ્વાન વિવેકી મહાત્મા પોતાના પૂર્વસંચિત શુભ કર્મના ઉદયમાં જોડાઈને સંયમપૂર્વક ઈન્દ્રિય-વિષયોનું સુખ ભોગવે છે, પણ તેમાં તન્મય ન થતાં ઉદાસ રહે છે અને અશાતાવેદનીય - અશુભકર્મના ઉદયથી દુઃખ ઉપજે તો તે સમભાવથી સહન કરે છે - વિલાપ કરતા નથી. એવા વિવેકી-(જ્ઞાની) મહાત્મા કોઈ ક્રિયા કરતાં ફળને ઇચ્છતા નથી. તેથી તેમના જૂના કર્મ ખરી જાય છે અને નવા બંધાતા નથી. તેથી તેવા પુરુષો કર્મના કર્તા કહેવાતા નથી.

**ભાવાર્થ :** જે મહાત્માને આત્માનો(પોતાનો) સ્વભાવ અને રાગભાવ ભિન્ન ભાસ્યા છે તેઓ રાગરહિતપણે સંસારમાં પોતાની ફરજ બજાવે છે, પણ અંતરથી તેમને ઉદાસીનતા વર્તે છે; જે તેમને સ્થિતપ્રજ્ઞદશા અને પરમાત્મદશાની પ્રાપ્તિમાં સહાયકારી થાય છે. મહાપુરુષો કહે છે કે જ્ઞાની આહાર લે છે છતાં નિરાહારી છે ! બોલે છે છતાં મૌન છે ! ચાલે છે છતાં સ્થિર છે ! આવી તેમની અલૌકિક દશા હોય છે.

**બોધ :**

- રહેવું સંસારમાં, મનુષ્ય અવતારમાં,
  જળ અને કમળની જેમ રાખો,
  પાળું મુજ ધર્મને કરુ સહુ કર્મને,
  ફળ તણી આશથી દૂર રાખો.
  **- સંતશ્રી પુનિત મહારાજ**

- જ્યાં ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે. **- શ્રીમદ્ રાજચંદ્રજી**

- ઉદર ભરન કે કારણે રે, ગૌઆ વન મેં જાય,
  ચારો ચરે ચહુ દિશી ફિરે, એનું ચિત્તડું વાછરડામાંય;
  મનાજી તું તો..
  **- યોગીરાજ આનંદઘનજી**

ઉપરોક્ત બોધ પ્રમાણે આપણે આપણા જીવનને ઢાળવું જોઈએ. દરેક કાર્ય કરતાં આપણા ચિત્તને શ્રી પ્રભુ-ગુરુ અને તેમની વાણીમાં પરોવેલું રાખીએ તો સાંસારિક નિમિત્તો આવવા છતાં આપણને રાગદ્વેષ ન થાય.

બોધરૂપ 'તત્ત્વજ્ઞાન' દ્વારા અજ્ઞાનનો નાશ થવાથી સમ્યગ્દર્શનનું પ્રાગટ્ય થાય છે, જેના પ્રભાવથી સ્થિતપ્રજ્ઞદશા અને તાત્ત્વિક પ્રસન્નતાનો અનુભવ થાય છે.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજી શ્રી મલ્લિનાથ સ્તવન દ્વારા પરમાત્માના ૧૮ દોષોથી રહિતપણાની વાત કરી ભગવાનની ભક્તિ ભાવપૂર્વક કરવાનું અમૂલ્ય પાથેય આપી રહ્યા છે. શ્રી મલ્લિનાથ આદિ તીર્થંકર ભગવંતોએ અનંત ચતુષ્ટય દ્વારા આ ૧૮ દોષનો નાશ કર્યો.

તે દરેક દોષ આપણે અનાદિકાળથી સેવતાં આવ્યા છીએ, જ્યારે ભગવાનમાં તેમાંથી કોઈ પણ દોષનો અનંતાંશ પણ રહ્યો નથી. પ્રભુના આવા અચિંત્ય માહાત્મ્યના ગુણગાન આપણે આ સ્તવનથી કરી શકીએ છીએ. ગત અંકમાં જણાવ્યા મુજબ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'સત્‌દેવતત્ત્વ' શિક્ષાપાઠમાં જે અઢાર દોષોનો ઉલ્લેખ કરેલ છે તે જ દોષોનું નિરૂપણ અને તેના આત્યંતિક નાશની યશોગાથા આનંદઘનજી કરી રહ્યાં છે. ત્રણ દોષ - અજ્ઞાન, નિદ્રા અને મિથ્યાત્વ વિશે આપણે ગત અંકમાં જોયું. હવે આગળ જોઈએ :

**હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;**
**નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી.**
**- હો મલ્લિજિન૦ ૫**

**શબ્દાર્થ :** શ્રી મલ્લિનાથ પ્રભુ જ્યારે ક્ષપકશ્રેણીરૂપ ગજ ઉપર ચઢ્યાં ત્યારે હાસ્ય, રતિ, અરતિ, શોક, જુગુપ્સા અને ભય - આ નોકષાયરૂપ છ દોષને પ્રભુએ એટલા પામર અને કૃશ બનાવી દીધાં હતાં કે તે ઝડપી ગતિથી દૂર ભાગી ગયા, જેમ હાથીને જોતાવેંત કૂતરાં ભયથી નાસી જાય તેમ. (રતિ = અનુરાગ, ગમો, આસક્તિ; અરતિ = અણગમો, નાખુશી; દુગંછા = જુગુપ્સા, ચીતરી ચડવી; કરસાલી = કૃશ કર્યા, નબળા કર્યા; નોકષાય = કષાય જેવાં, અલ્પ કષાય; શ્રેણી = ક્ષપકશ્રેણી, ગજ = હાથી; શ્વાન = કૂતરો)

**ભાવાર્થ :** દર્શનમોહરૂપ મિથ્યાત્વનો ક્ષય કર્યા બાદ પ્રભુ હવે ચારિત્રમોહનીયના દોષોનો સર્વથા નાશ કરવા સાતમા ગુણસ્થાનથી આગળ વધી ક્ષપકશ્રેણીરૂપ ગજરાજ ઉપર આરૂઢ થાય છે. ક્ષપકશ્રેણી માંડતાં જ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટે જ એવો નિયમ છે. પરમકૃપાળુદેવ 'અપૂર્વ અવસર' કાવ્યમાં આ દશાનું વર્ણન કરતાં કહે છે,

*"એમ પરાજય કરીને ચારિત્રમોહનો,*
*આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,*
*શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,*
*અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો."*
*અપૂર્વ અવસર...*

આ રીતે ક્ષપકશ્રેણીના અતિશય શુદ્ધભાવ રૂપ ગજરાજ પર જ્યારે પ્રભુ સવાર થાય ત્યારે, હાથીને આવતો જોઈ કૂતરાં જેમ ઊભી પૂંછડીએ ભાગે તેમ ઉપરોક્ત શબ્દાર્થમાં કરેલાં નોકષાયો વિલીન થઈ ગયાં. નોકષાય એટલે અલ્પ કષાય, જે ક્રોધાદિ ચાર મુખ્ય કષાય થવામાં નિમિત્તભૂત બને છે. 'હાસ્ય' એ પણ નોકષાય છે, દોષ છે, કારણ કે તેમાંથી જ માન, અપમાન, ક્રોધ, વેરભાવરૂપ અનેક મોટા દોષ ઊભા થાય છે. દ્રૌપદીના હાસ્યથી દુર્યોધન અપમાનિત થયો અને મહાભારત સર્જાયું એ સૌને સુવિદિત છે. પ્રભુની પ્રતિમામાં મુદ્રાને નિહાળતાં આપણે અનુભવીએ

છીએ કે તેમાં હાસ્ય નહીં, પણ પ્રસન્નતા અને પ્રશમરસ સૂચવતું મંદ સ્મિત હોય છે. રતિ - અરતિ એટલે પરવસ્તુમાં ગમો - અણગમો, શોક એટલે ઈષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગમાં આર્ત્તધ્યાન કરી દુઃખી થવું. દુગંછા એટલે જુગુપ્સા, અર્થાત્ કોઈ મલિન વસ્તુને જોઈ ચીતરી ચડવી. ભય સાત પ્રકારના છે, જેમાં મૃત્યુભય મુખ્ય છે, જે આપણે સાતમાં શ્રી સુપાર્શ્વનાથ સ્તવનમાં જોઈ ગયા. આ બધા દોષો વસ્તુસ્વરૂપની અણસમજણથી, તત્ત્વજ્ઞાનના અભાવથી, જડ-ચેતનના અવિવેકથી ઉત્પન્ન થાય છે. પ્રભુ સર્વજ્ઞ અને પૂર્ણ વીતરાગ થયા હોવાથી એવી પૂર્ણકામતા, કૃતકૃત્યતા અને પરિતોષપણું વર્તે છે કે હવે તેમને **હાસ્ય** અર્થાત્ પરને રંજન કરવાનું કે પરથી રંજિત થવાપણું રહ્યું નથી, પરવસ્તુમાં **રતિ, અરતિ** નથી; કોઈ અભાવ કે ખાલીપો વર્તાતો ન હોવાથી **શોક** નથી, બલ્કિ પ્રભુના સમોવસરણમાં અશોકવૃક્ષની છાયામાં સર્વ જીવ શોકરહિત થઈ જાય છે, એવો પ્રભુનો અતિશય છે. **ભય** અને **જુગુપ્સા** તો પાછળના ગુણસ્થાનોમાં જ વિલીન થઈ ગયા હતા. આમ, પ્રભુએ શ્રેણી ગજ ચઢીને આ છ દોષોને પામર અને કૃશ બનાવી સદાને માટે પોતાના આત્મામાંથી ભગાડી દીધાં. હવે આગળ આ નોકષાય કરતાં પણ વધુ બળવાન શત્રુઓનો પરાજય થતાં જોઈએ :

**રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણમોહના યોદ્ધા;**
**વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોદ્ધા.**
**- હો મલ્લિજિન૦ ૬**

**શબ્દાર્થ :** રાગ, દ્વેષ અને અવિરતિના પરિણામ - આ ત્રણ ચારિત્રમોહના યોદ્ધાઓ પ્રભુને વીતરાગભાવે પરિણમતાં જોઈને જ તુરત પોતાની હાર માની બોદ્ધા એટલે મૂર્ખ બનીને પીછેહઠ કરી ભાગી ગયા. (અવિરતિ = અસંયમ, અપ્રત્યાખ્યાન, અવ્રતીપણું; પરિણતિ = ભાવ, પરિણામ; ચરણમોહ = ચારિત્રમોહનીય કર્મ; યોદ્ધા = લડવૈયા; નાઠા = ભાગ્યા; બોદ્ધા = મૂર્ખ, બુદ્ધ)

**ભાવાર્થ :** નોકષાયરૂપ કૂતરા જેવા નિર્માલ્ય યોદ્ધાઓને હરાવી હવે પ્રભુ ચારિત્રમોહનીયના મહાયોદ્ધાઓ એવા રાગ, દ્વેષ અને અવિરતિનો પોતાની વીતરાગ પરિણતિ અને યથાખ્યાત ચારિત્ર દ્વારા સંહાર કરવા કટિબદ્ધ થાય છે. આ ત્રણ યોદ્ધાઓ અનાદિકાળથી જીવને હંફાવી રહ્યા છે. અરે, ભલભલા શૂરવીર ગણાતા સુભટોને તેમણે પોતાની મોહમાયાની જાળમાં ફસાવીને હરાવ્યા છે. સુભૂમ જેવા ચક્રવર્તીને તૃષ્ણાના પાશમાં ફસાવી નરકે પહોંચાડી દીધા છે. રાવણ જેવો શૂરવીર અને ધર્માત્મા પણ આ ચારિત્રમોહના ઉદયથી સીતા જેવી સતી સ્ત્રી પ્રત્યે રાગ કરી આ રાગ, દ્વેષ અવિરતિરૂપ યોદ્ધાઓ સામે દીનહીન બની પોતાનો સર્વનાશ નોંતરે છે. પરંતુ મલ્લિનાથ પ્રભુ તે યોદ્ધાઓના કઈ રીતે અને કેવા બેહાલ કરે છે, તે અહીં આનંદઘનજી સુંદર રીતે રજૂ કરે છે.

દર્શનમોહ (મિથ્યાત્વ)ને ગાથા-૪માં જણાવ્યા પ્રમાણે નિજઘરમાંથી કાઢી મૂક્યા પછી પણ જ્યાં સુધી આ ચારિત્રમોહના યોદ્ધાઓ હારે નહીં ત્યાં સુધી કેવળજ્ઞાનરૂપ પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ નથી. રાગ, દ્વેષ એટલે બીજા શબ્દોમાં ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય ચોકડી અને અવિરતિ એટલે અસંયમ, અપ્રત્યાખ્યાન, અર્થાત્ હિંસા આદિ પાંચ પાપ અને પાંચ ઇન્દ્રિય વિષયોમાં મન, વચન, કાયાથી પ્રવૃત્તિ. આસ્રવ-બંધના પાંચ કારણોમાંના બે કારણો તે કષાય અને અવિરતિ છે. આ સર્વે દોષોના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય પ્રકારોનો તો પ્રભુએ પૂર્વભવોમાં તેમજ મુનિદશામાં જ પોતાના ઉત્કૃષ્ટ જ્ઞાન, ધ્યાન, તપ, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ સંયમભાવથી નાશ કરી નાખ્યો હતો. પછી તો

મુનિદશામાં માત્ર સંજવલન (અત્યંત અલ્પ) કષાય બાકી રહે છે. ૧૦માં ગુણસ્થાને માત્ર સૂક્ષ્મ લોભ બચે છે, જે કોઈક વાર પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવાને મુનિદશામાં થોડીવાર માટે વિચલિત કદાચિત્ કરી શકે. પરંતુ મલ્લિનાથ ભગવાન તો મેરુની જેમ અચળ રહી યથાખ્યાતચારિત્ર, શુકલધ્યાન અને નિર્બીજ સમાધિરૂપ શ્રેણીગજ ચઢી બારમા 'ક્ષીણમોહ' ગુણસ્થાનને પણ વટાવી કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે. પ્રભુનું આ 'વીતરાગ પરિણતિરૂપ' બ્રહ્માસ્ત્ર જોઈને જ આ ચારિત્રમોહના ત્રણ યોદ્ધાઓ ''ઉઠી નાઠા બોદ્ધા'' અહીં આપણું હવે કંઈ ચાલશે નહીં એમ પોતે જ સમજીને, પોતે મૂર્ખ (બોદ્ધા) બન્યા છે એમ જાણીને રણમેદાન છોડી ભાગ્યા - અને એવા ભાગ્યા કે અનંતકાળ સુધી પાછા આવવાનું નામ નહીં લે ! આત્મા સંપૂર્ણ શુદ્ધ થયા પછી કર્મોને પાછા આવવાનું નિમિત્ત જ ક્યાં રહ્યું ? સાચું જ કહ્યું છે કે ''આત્મા જાગે તો કર્મ ભાગે.'' ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ પણ મોહરાજાને હરાવતી પ્રભુની આ વીરતાનું સુંદર વર્ણન શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં કરે છે કે :

*પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં,*
*વાચક યશ કહે મોહ મહા અરિ, જીત લિયો હૈ મેદાનમેં.*

(ચંદ્રહાસ = તલવાર)

મોહરાજાના બાકી રહેલા ત્રણ નોકષાય - સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદને એક 'કામ'માં સમાવી લઈ આનંદઘનજી હવે આ ૧૩મા દોષનો નાશ થતાં બતાવે છે :

**વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી,**
**નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી.**
**- હો મલ્લિજિન૦ ૭**

**શબ્દાર્થ :** વેદ મોહનીય કર્મના ઉદયથી થતાં કામના પરિણામ અને તેથી ઉપજતા વિષયેચ્છા પૂર્તિના કાર્યો - આ બધું સર્વથા ત્યાગીને પ્રભુ નિષ્કામી, કરુણારસના સાગર અને અનંત ચતુષ્ટયપદના સ્વામી થયા. (વેદોદય = વેદ નામના ચારિત્રમોહનીય કર્મનો ઉદય; કામા = કામ, ઈચ્છા, વાસના, વિષયવાસના, વિષયેચ્છા; કામ્ય = કામના, ઈચ્છા કરવા યોગ્ય; કરમ = કાર્ય; નિષ્કામ = કામના રહિત; કરુણારસ = કરુણાનો ભાવ; અનંત ચતુષ્ક = અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય; પાગી = પ્રાપ્ત કર્યું.)

**ભાવાર્થ :** જૈનદર્શનમાં વેદનો અર્થ થાય છે- સ્ત્રીવેદ (સ્ત્રીનું પુરુષ પ્રત્યેનું આકર્ષણ), પુરુષવેદ (પુરુષનું સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ) અને નપુંસકવેદ (બંને પ્રત્યે આકર્ષણ). આ ત્રણ પણ નોકષાય છે અને વેદ નામના ચારિત્રમોહનીય કર્મની પેટાપ્રકૃતિઓ છે. સર્વ સંસારી જીવોને આ ત્રણમાંથી કોઈ એકનો ઉદય હોય છે, જે એક શબ્દમાં કામ અથવા કામેચ્છા તરીકે ઓળખાય છે. સાધક જીવ પોતાની યોગ્યતા પ્રમાણે આંશિક અથવા પૂર્ણ બ્રહ્મચર્ય વ્રત દ્વારા કે સ્વદારાસંતોષવ્રત દ્વારા આ સંસ્કારને જીતવાની શરૂઆત કરે છે અને જડ-ચેતનનો યથાર્થ વિવેક, પ્રગટાવી, આત્મજ્ઞાન પ્રગટાવી, ક્રમશઃ આગળ વધતાં મુનિદીક્ષા લઈ બ્રહ્મચર્ય મહાવ્રત ધારણ કરી પછી કરણાનુયોગની અપેક્ષાએ નવમા ગુણસ્થાને આ કર્મનો સર્વથા ક્ષય કરે છે.

મલ્લિનાથ ભગવાને તો ક્ષપકશ્રેણી માંડતાં જ નવમા ગુણસ્થાનને પાર કરી આ કામ દોષનો સર્વથા ક્ષય કર્યો. વેદ કર્મનો ક્ષય થતાં પ્રભુને કામેચ્છાના પરિણામની કોઈ સંભાવના જ ન રહી અને તેથી કામ્ય કરમ અર્થાત્ ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત

**(અનુસંધાન પાના નં. ૨૪ પર...)**


# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## મંગલાચરણ (ગાથા ૧ - ૨)

**● વિનય/આજ્ઞા :**

આ અવસર્પિણીકાળમાં, અહીં ભરતક્ષેત્રમાં મોક્ષમાર્ગનો ઉદ્યોત કરનાર વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ એવા શ્રી ઋષભદેવ પ્રભુને અમો અત્યંત ભક્તિથી નમસ્કાર કરીએ છીએ. હે નાથ ! આપના ગુણગ્રામ કરતા અનંત કર્મોની ક્રોડો ખપે છે અને અનાદિના પરિભ્રમણમાં જન્મોજન્મના પાપકર્મો આપની સ્તુતિ કરવાથી નાશ પામે છે. આપની મંગળ સ્તુતિ (શ્રી ભક્તામર સ્તોત્ર) માટે અમો આપની આજ્ઞા તેમજ આદેશ માંગીએ છીએ, અને મન, વચન, કાયા આત્મભાવે અર્પણ કરીએ છીએ.



**● પ્રાસ્તાવિક :**


ગયા અંકમાં શ્રી ભક્તામર સ્તોત્ર વિષે વિસ્તૃત માહિતી અને સંદર્ભ સૂચિ આપેલ. હવે આપણે તેની ગાથાઓ અનુક્રમે યથાશક્તિ વિચારીશું. અહીં લીધેલા ગુજરાતી પદ્યાનુવાદના રચયિતા છે શ્રી માવજી દામજી શાહ કે જેમણે મધુર મંદાક્રાંતા રાગમાં (આ જ રાગમાં શ્રી કલાપિએ "હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે..." રચેલ) સુંદર સમશ્લોકી અનુવાદ કરેલ છે. આ સ્તોત્રના પ્રારંભિક બે શ્લોક મંગલ તથા અભિધેય (વિષય, પ્રયોજન) સૂચવનારા છે. યુગ્મરૂપ હોવાથી સાથે લીધા છે.

**● મૂળ શ્લોક : ગાથા - ૧** (વસંતતિલકા)

**भक्तामर प्रणत मौलिमणि प्रभाणा-**
**मुद्द्योतकं दलित पाप तमोवितानम् ।**
**सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-**
**वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥**

**● શબ્દાર્થ :**

अमर - દેવ (લાંબા આયુષ્યવાળા); प्रणत - વિશેષ નમેલા; मौलि - મુગટ; प्रभा - કાંતિ; उद्द्योतकम् - ઉદ્યોતને કરનાર, પ્રકાશનાર; तमस् - અંધકાર; वितान - સમૂહ; दलित - નાશ કર્યો છે; युगादौ - યુગની આદિમાં; भवजले - સંસાર સાગરમાં; पतताम् - ડૂબી રહેલા; जनानाम् - મનુષ્યોના; जिनपादयुगम् - જિનેશ્વરદેવના ચરણ યુગલને; प्रणम्य - પ્રણામ કરીને.



● **મૂળ શ્લોક : ગાથા - ૨** (વસંતતિલકા)

**यः संस्तुतः सकल वाङ्मय तत्त्वबोधा-**

**दुद्‌भूतबुद्धिपटुभिः सुरलोक नाथैः ।**

**स्तोत्रै र्जगत्त्रितय चित्तहरैरुदारैः**

**स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥**

● **શબ્દાર્થ :**

वाङ्मय - શાસ્ત્ર; पटु - ચતુર, વિચક્ષણ; जगत्त्रितय - ત્રણ લોક; हरै - હરનાર; उदार - મહા ગંભીર અર્થવાળા; यः - જે, જેઓ; संस्तुतः - સારી રીતે સ્તવાયેલા છે; तम् - તે; किल - નિશ્ચયથી; अहं - હું (માનતુંગસૂરિ); अपि - પણ; स्तोष्ये - સ્તુતિ કરીશ.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા)

દીપાવે જે મુગટમણિના તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહિં ડૂબતા પ્રાણીઓને,
એવા આદિ જિનચરણને વંદીને રૂડી રીતે. (૧)

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્ર માંહે અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. (૨)

● **ભાવાર્થ :**

ભક્ત દેવોના નમેલા મુગટોના મણિઓની કાંતિનો ઉદ્યોત કરનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર, સંસારસાગરમાં ડૂબી રહેલા મનુષ્યોને આધારરૂપ અને યુગની આદિમાં થયેલ એવા શ્રી જિનેશ્વરદેવના ચરણયુગલને ત્રિવિધે નમસ્કાર કરીને, શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કુશાગ્ર બુદ્ધિ વડે ત્રણ જગતના ચિત્તનું હરણ કરનારા અને મહાન અર્થગંભીર સ્તોત્રો વડે દેવેંદ્રોએ જેમની સ્તુતિ કરેલી છે એવા પહેલા જિનેશ્વર (શ્રી ઋષભદેવ ભગવાન)ની હું પણ સ્તુતિ કરીશ.

● **વિશેષાર્થ / પરમાર્થ :**

પ્રથમ શ્લોકમાં મંગલાચરણ કરવામાં આવેલ છે, જે નિર્વિઘ્ને કાર્ય (આ સ્તુતિ) ની પૂર્ણતા માટે છે. ભગવાનના ચરણ યુગલ માટે ત્રણ વિશેષણો કહ્યા : (૧) દેવોના મુગટમણિઓને પ્રકાશિત કરનાર, (૨) ભક્તોના પાપભાવ (અજ્ઞાન) રૂપી અંધકારનો નાશ કરનાર અને (૩) અનાદિથી ભવસમુદ્રમાં ડૂબતા જીવોને આધારરૂપ. ચરણ શબ્દના ચાર અર્થ થાય : (૧) પાદચરણ, (૨) આચરણ, (૩) શરણ (અનુશાસન, આજ્ઞા) અને (૪) શ્લોકનો ભાગ. અહીં વ્યવહારથી પાદચરણ અને નિશ્ચયથી પ્રભુશરણ સમજવું. ભક્તામર એટલે ભક્તદેવો અથવા ભક્તોને અમર

કરનાર એમ બંને અર્થ લઈ શકાય.

આ શ્લોકમાં ભગવાનના ૪ અતિશયો : (૧) જ્ઞાનાતિશય, (૨) વચનાતિશય, (૩) પૂજાતિશય અને (૪) અપાયાપગમ (સર્વ ઇતિભીતિનો નાશ) સમાયેલ છે.

પાંચેય કલ્યાણકો (ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ) વખતે ઈંદ્રો ખૂબ જ ભક્તિભાવથી પ્રભુની સ્તુતિ કરે છે તેનો અહીં નિર્દેશ છે. તેનાથી પણ વિશેષ અહોભાવથી, ઉત્કૃષ્ટ ભક્તિથી સ્તુતિ કરવાનો આચાર્ય સંકલ્પ કરે છે. ભાવમંગલની પ્રાપ્તિ અર્થે પ્રથમ તેઓ મન-વચન-કાયાના પ્રણિધાન (એકાગ્રતા)થી તેમને નમસ્કાર કરે છે. નમસ્કાર એ વિનયગુણનું પરિણમન છે અને અહંકાર મૂકીને ગુણવાનને કરવામાં આવેલ સાચો નમસ્કાર તે આત્માને પણ ગુણવાન બનાવે છે.

આ ભરતક્ષેત્રમાં ગત ચોવીસીના અંતિમ તીર્થંકરના મોક્ષગમન બાદ લગભગ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ (અબજો) વર્ષ પછી આ ચોવીસીમાં ભગવાન ઋષભદેવ પહેલા તીર્થંકર થયા. તેમણે આ યુગમાં ધર્મની શરૂઆત કરી (તેથી આદિનાથ) અને ભવસાગરથી તરવાનો ઉપાય બતાવ્યો- વીતરાગતા.

પોતાના આત્માને ભગવાનના (મોક્ષ) માર્ગમાં જોડીને આચાર્યશ્રીએ ભક્તિ કરી છે. ભગવાન ઋષભદેવ અને માનતુંગાચાર્ય વચ્ચે અસંખ્ય વર્ષનું આંતરું છે, છતાં ભગવાન જાણે કે અત્યારે પોતાની સામે સાક્ષાત્ બિરાજતા હોય એવી અદ્‌ભુત સ્તુતિ કરી છે. હે પ્રભો, આપના ગુણોની એટલે કે આપના ચરણોની ભક્તિ સંસારસમુદ્રથી તારવા માટે આલંબનરૂપ છે. પ્રભો, હું આપને જ અવલંબુ છું. આપની ભક્તિ તો મુક્તિ દેનારી છે. ભગવાનના ખરા ભક્તનું લક્ષ તો આત્માની શુદ્ધિ ઉપર જ છે. સમ્યક્‌પ્રકારે એટલે જ્ઞાનપૂર્વક વીતરાગભાવનો અંશ પ્રગટ કરીને હે જિનેન્દ્ર ! હું આપને સ્તવીશ. સમ્યક્ દર્શન તે ભગવાનનું પરમાર્થ સ્તવન છે.

ગુણની દૃષ્ટિએ બધા તીર્થંકરો સમાન હોય છે. એટલે આ સ્તુતિ-સ્તવના અનંતા તીર્થંકરોને લાગુ પડે છે. એક તીર્થંકર વધારે પ્રભાવશાળી - શક્તિશાળી અને બીજા તીર્થંકર ઓછા શક્તિશાળી એ માન્યતાને જૈન ધર્મમાં સ્થાન નથી. એ વિનય મિથ્યાત્વ છે.

અહીં સ્તુતિકાર આચાર્ય પુણ્ય (દેવેન્દ્રો અને તેમની રિદ્ધિ) અને ધર્મ (ભક્ત અને તેનો ભક્તિભાવ) વચ્ચે ભેદજ્ઞાન કરીને સ્તુતિ કરે છે. પુણ્ય કરતાં પવિત્રતા પૂજ્ય છે. તે જ રીતે, ઈંદ્રના મુગટના દિવ્યમણિ (પુણ્ય) કરતા પ્રભુના નિર્મળ શુદ્ધાત્મામાંથી પ્રકાશતી પ્રભા / આભા (ધર્મ) વધુ તેજસ્વી અને કલ્યાણકારી છે.

ભગવાન જેવો ભાવ પોતામાં પ્રગટ કરવો તે જ ભગવાનની પરમાર્થ સ્તુતિ છે એમ યુગપ્રધાન આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય 'સમયસાર'ની ૩૧મી ગાથામાં કહે છે. આ નિશ્ચય સાથેની અલૌકિક વ્યવહાર સ્તુતિ છે. ભક્તામર સ્તોત્રમાં જિનગુણચિંતનની સાથે સાથે આત્માનો મહિમા ઘૂંટાતો જાય છે, તે ખરી સ્તુતિ છે અને તે જ ખરો લાભ છે. જેને પરમાત્મદશા સાધવી છે તેને, તે દશાને સાધી ચુકેલા અને સાધી રહેલા જીવો (એટલે કે દેવ-ગુરુ) પ્રત્યે અતિશય પ્રમોદભક્તિ અને બહુમાન ઉલ્લસે છે. વીતરાગ સ્વભાવના ઘોલનપૂર્વક જિનેન્દ્ર ભગવાનની ભક્તિ જ્યાં ઉલ્લસી ત્યાં પવિત્રતાની સાથે પુણ્યનો રસ વધી જાય છે (સાતિશય) અને તેને લીધે બેડી-તાળા

તૂટવા વગેરે ચમત્કાર બની જાય છે. એટલે તેને સ્તુતિનું ફળ કહે છે.

જગતમાં જેટલા ઉત્તમ જીવો છે તે બધાય પ્રભુની જ સ્તુતિ કરે છે : ગણધરો, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે. જગતમાં જેટલા બુદ્ધિમાન ઉત્તમ પુરુષો (પ્રજ્ઞાવંત) છે તે બધાય ભક્તિથી જિનચરણને જ સેવે છે. બાર અંગને જાણનાર ઈંદ્ર પણ ભગવાન પાસે ભક્તિ કરતા બાળકની જેમ થનગની ઉઠે છે, રોમાંચિત થઈ જાય છે. ઈંદ્ર ભક્તિભાવથી ભગવાનની ૧૦૦૮ નામોથી અદ્‌ભુત સ્તુતિ કરે છે તો પણ તેને સંતોષ થતો નથી !

ભક્તામર સ્તોત્રમાં, બહારમાં ધર્મની આદિ કરનારા એવા આદિનાથ તીર્થંકરની સ્તુતિ છે અને સર્વજ્ઞ પરમાત્માને ઓળખીને તેમના પ્રત્યે પ્રમોદ-ભક્તિ-બહુમાનનો ભાવ તે વ્યવહાર ભક્તિ છે. અંદરમાં તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે સર્વજ્ઞ સ્વભાવી પોતાના આત્માની સેવના - તે પરમાર્થ ભક્તિ છે. આમ, આ બીજા શ્લોકમાં ઈષ્ટદેવને નમસ્કાર કરીને વિનયપૂર્વક તેમની સ્તુતિ કરવાનો સંકલ્પ કરે છે. આચાર્ય કહે છે કે હું પણ (અહમ્ અપિ) સ્તુતિ કરીશ, જેમા 'પણ' નિરહંકારપણાનું સૂચક છે.

હવે પછીની ૪ ગાથાઓ (નં.૩ - ૬)માં આચાર્યશ્રી પોતાની નમ્રતા લઘુતાપૂર્વક દર્શાવે છે. તે આપણે અવસરે વિચારીશું.

સર્વ જીવો પ્રભુનું શરણ લઈને ત્વરાથી ભવસમુદ્ર પાર કરે એ મંગલભાવના સાથે વિરમીએ છીએ.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

## આનંદઘન ચોવીસી

**(પાના નં. ૨૦ પરથી ચાલુ...)**

કરવાના કાર્યોનો પણ ત્યાગ થયો અને પ્રભુ નિષ્કામી બન્યા. કામેચ્છા અને તેના કરમ એટલે કાર્યો સદાને માટે સમાપ્ત પામ્યા. પ્રભુની આવી નિષ્કામ દશા સ્વરૂપાનંદના પરિતૃપ્તપણાથી છે, જ્યાં તેમને સુખ વિષયેચ્છાની પૂર્તિથી નહીં પરંતુ અનંત સુખ સહજાત્મસ્વરૂપમાંથી જ અનુભવાય છે. કામવિજેતા પ્રભુના ગુણગાન ગાતાં શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગાચાર્ય કહે છે (ગુજરાતી ભાવાનુવાદ) :

*"ઈન્દ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,*
*તોયે થાતાં કદી નહિ અહા ! આપને રે વિકારો."*

આવા નિષ્કામી પ્રભુને હવે કોઈ પણ પ્રકારની ઈચ્છા, અપેક્ષા કે કામના ન હોવાથી જગતના સર્વ જીવો પ્રત્યે નિષ્કારણ કરુણા વહે છે. એ કરુણારસના સાગર 'હિતોપદેશક' બની સર્વ જીવોને પોતાના જેવા જ અનંત સુખના સ્વામી બનવાનો માર્ગ બતાવે છે. પૂજ્યશ્રી રાકેશભાઈ આ સંદર્ભમાં એક સુંદર વાત કરે છે કે પ્રભુને વાસના ગઈ અને વાત્સલ્ય આવ્યું ! આમ, મોહનીય કર્મની સર્વ પ્રકૃતિનો નાશ થતાં પ્રભુ ચારેય ઘાતીકર્મોનો નાશ કરી, અનંત ચતુષ્ટય પદને અર્થાત્ અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યને પ્રાપ્ત કરી પરમાત્મા બને છે. આમ, સ્તવનની ૭ ગાથાઓમાં આપણે તેર દોષોનો નાશ થતાં જોયો. બાકીના પાંચ અંતરાય કર્મના દોષોનો નાશ કઈ રીતે થાય છે તે આગળની ગાથાઓમાં જોઈશું. **(ક્રમશઃ)**

● ● ●

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

## સમ્યગ્દર્શનનું માહાત્મ્ય (ફળ)

दंसण मूलो धम्मो । અર્થાત્ સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે એવું આગમમાં કહ્યું છે. ખરેખર તો સમ્યગ્દર્શન થયા પછી જ નિશ્ચય મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. તેના પહેલા તો શુભેચ્છાસંપન્ન, સુવિચારદશા આદિને માત્ર ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. કારણ કે તેના આધારરૂપ સાધનથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે તેથી ઉપચારથી તેને પણ મોક્ષમાર્ગની સાધકદશાઓ કહી છે, પરંતુ ખરેખર તો મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન જ છે. આ જ શાશ્વત મુક્તિધામનું પ્રવેશદ્વાર છે. તેના માહાત્મ્યને બતાવતા મહાન તત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે,

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી. અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરૂપમ, સર્વોત્તમ, શુક્લ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્ભુત સત્સ્વરૂપદર્શિતાની બલિહારી છે!"

**- શ્રી વચનામૃત પત્રાંક - ૯૧**

સમ્યગ્દર્શનનું માહાત્મ્ય દર્શાવતા મહાન જૈનાચાર્ય શ્રીમદ્ ભગવત્ સમંતભદ્રાચાર્ય પોતાના પ્રસિદ્ધ ગ્રથ **'રત્નકરંડ શ્રાવકાચાર'**માં લખે છે,

સમ્યગ્ દર્શન એ સમ્યક્ જ્ઞાન તથા ચારિત્રથી કોઈ અપેક્ષાએ ઉત્તમ છે તેથી આ જ મોક્ષમાર્ગનો કર્ણધાર (નાવિક) છે ।।૩૧।।

ત્રણે કાળ તથા ત્રણે લોકમાં સમ્યક્ત્વ સમાન કોઈ હિતકારી નથી તથા મિથ્યાત્વ સમાન કોઈ અહિતકારી નથી. ।।૩૮।।

સમ્યગ્દર્શનથી શુદ્ધ જીવ વ્રતરહિત હોય તો પણ નરકયોનિમાં, તિર્યંચ યોનિમાં, નપુંસક લિંગમાં, સ્ત્રીલિંગમાં, નીચકુળમાં, અલ્પાંગયુક્ત તથા કુરૂપ શરીરમાં, અલ્પઆયુથી યુક્ત, દરિદ્રતાથી યુક્ત આ આઠ સ્થાનોમાં સમ્યક્દૃષ્ટિ નિયમથી જન્મ લેતા નથી તે સમ્યક્ત્વનો પ્રતાપ છે. ।।૩૫।।

એટલું અવશ્ય ઉલ્લેખનીય છે કે સમ્યક્ત્વ થયા પહેલા જો તેણે નરકાયુનો બંધ કર્યો હોય તો તે પ્રથમ નરક સુધી જ જશે તથા જો તેણે મનુષ્યઆયુનો બંધ કર્યો હોય તો તે નિયમથી ભોગભૂમિમાં જ મનુષ્ય બને છે તથા પૂર્વમાં જો તેણે તિર્યંચઆયુનો બંધ કર્યો હોય તો તે નિયમથી ભોગભૂમિમાં જ તિર્યંચ બનશે.

શુદ્ધ સમ્યક્દૃષ્ટિ જીવ ઉત્સાહથી યુક્ત, મહાપ્રતાપી (ક્રાંતિવાન), વિવિધ વિદ્યાઓથી યુક્ત, અદ્ભુત બળનો ધારક, વિમળકીર્તિથી યુક્ત વિશેષ લૌકિક અભ્યુદયથી યુક્ત, સર્વદા વિજયી થનાર તથા પ્રચૂર સંપત્તિથી યુક્ત ઉચ્ચ કુળવાળા, મહાપુરુષાર્થી, સાધક મનુષ્યોમાં પણ શિરોમણી હોય છે. ।।૩૬।।

સમ્યગ્દર્શન જેમનું શરણ છે એવા જીવ વૃદ્ધાવસ્થા રહિત, રોગરહિત, ક્ષયરહિત, શોક,ભય તથા શંકા રહિત જ્યાં સુખ અને જ્ઞાનનો વૈભવ પોતાની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે એવા સર્વોત્કૃષ્ટ સુખ અને સર્વોત્કૃષ્ટ જ્ઞાન સહિત, મલરહિત અર્થાત્

દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મરૂપ મળથી રહિત મોક્ષને પ્રાપ્ત કરે છે. ।।૪૦।।

જિનેન્દ્ર ભગવાનની ભક્તિવાળા જિનભક્ત સમ્યક્દૃષ્ટિ જીવ અપરિમિત પ્રતિષ્ઠા સહિત દેવેન્દ્રોના સમૂહોની મહિમા અર્થાત્ ઐશ્વર્યને, રાજાઓના મસ્તક દ્વારા પૂજિત ચક્રવર્તીપદને તથા ત્રણે લોકને જેણે નીચા કર્યા છે અર્થાત્ દેવેન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી આદિ સદા જેમના ચરણોમાં નમે છે એવા પરમ ઐશ્વર્ય યુક્ત ધર્મેન્દ્ર અર્થાત્ તીર્થંકર પદને પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.

સમ્યગ્દર્શનનો મહિમા બતાવવા મહાન યોગીશ્વર શ્રી શુભચંદ્રાચાર્ય તેમના પ્રસિદ્ધ ગ્રંથ 'જ્ઞાનાર્ણવ' નામક ગ્રંથમાં લખે છે,

"આ સમ્યગ્દર્શન મહારત્ન સમસ્ત લોકનું આભૂષણ છે અને મોક્ષપર્યંત આત્માને કલ્યાણ અપાવવામાં ચતુર છે." - **દર્શન અધિકાર - ૫૩**

આ સમ્યગ્દર્શનને સત્પુરુષોએ ચારિત્ર અને જ્ઞાનનું બીજ માન્યું છે કારણ કે તેના વિના સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર હોતા જ નથી તથા યમ (મહાવ્રત) અને પ્રશમ (વિશુદ્ધભાવ)નું આ જીવનસ્વરૂપ છે. આ સમ્યગ્દર્શન વિના યમ અને પ્રશમ નિર્જીવ સમાન છે. આ પ્રકારે આ તપ અને સ્વાધ્યાયનો આશ્રય છે. તેના વિના તપ અને સ્વાધ્યાય નિરાશ્રયી છે. આ રીતે જેટલા શમ, દમ, બોધ, વ્રત, તપાદિ કહ્યા છે તેને આ સમ્યગ્દર્શન સફળ કરે છે. તેના વિના આ બધા મોક્ષફળદાતા થઈ શકે નહીં. ।।૫૪।।

આચાર્ય મહારાજ કહે છે કે જેને નિર્મળ અતિચાર રહિત સમ્યગ્દર્શન છે તે જ પુણ્યાત્મા તથા મહાભાગ્ય યુક્ત છે એવું હું માનું છે કારણ કે સમ્યગ્દર્શનને જ મોક્ષનું મુખ્ય અંગ કહ્યું છે. ।।૫૭।।

ઉપસંહાર કરતા આચાર્ય મહારાજ કહે છે કે હે ભવ્ય જીવો ! તમે સમ્યગ્દર્શન નામના અમૃતનું પાન કરો. કારણ કે આ સમ્યગ્દર્શન અતુલ્ય સુખનો ખજાનો છે, સમસ્ત કલ્યાણોનું બીજ અર્થાત્ કારણ છે, સંસારરૂપી સાગરથી તરવા માટે જહાજ (નાવ) છે તથા તેને ધારણ કરનારા એકમાત્ર ભવ્ય જીવ જ છે. અભવ્યજીવ તેના કદાપિ પાત્ર થઈ શક્તા નથી અને આ સમ્યગ્દર્શન, પાપરૂપી ઝાડને કાપવા માટે કુહાડા સમાન છે તથા પવિત્ર તીર્થોમાં પ્રધાન છે અને જેણે પોતાનો વિપક્ષ જીતી લીધો છે અર્થાત્ મિથ્યાત્વરૂપી શત્રુને જેણે જીતી લીધો છે એવું આ સમ્યગ્દર્શન છે. તેથી ભવ્ય જીવોએ સૌથી પહેલા આને જ અંગીકાર કરવું જોઈએ.

ઉપરોક્ત સર્વ મહિમા મંડનથી સત્પુરુષોએ જેને આટલું મહત્ત્વ આપ્યું છે એવું જાણીને આપણા હૃદયમાં તે પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરવું જોઈએ અને એ જ આપણું ધ્યેય હોવું જોઈએ.

## સમ્યગ્દર્શનના અતિચાર

આચરણમાં દોષ લાગે તેને અતિચાર કહે છે અથવા વ્રતનો એકદેશ ભંગ થાય તેને અતિચાર કહે છે. જેમનું સમ્યગ્દર્શન નિર્દોષ હોય તે જ તાત્ત્વિક રૂપથી વ્રત પાળી શકે છે. તેથી સમ્યગ્દર્શનને પણ વ્રતોમાં ઉપચારથી ગણી લીધું છે. શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનનાં પાંચ અતિચાર વર્ણવ્યા છે :-

**[૧] શંકા :** ભગવાન દ્વારા કથિત સૂક્ષ્મ પદાર્થોમાં શંકા કરવી અથવા સાત ભય કરવા, તેથી સમ્યગ્દર્શનમાં અતિચાર લાગે છે. જિનેન્દ્ર ભગવાને ત્રણ પ્રકારથી પદાર્થોનું નિરૂપણ કર્યું છે :

**(i) સૂક્ષ્મ પદાર્થ :** જે અત્યંત સૂક્ષ્મ છે, આંખોથી જેને જોઈ શકાતો નથી. જેમકે કર્મ પરમાણુ, એક સમય કે કાલાણુ, એક પ્રદેશ આદિ.

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# પ્રભુ - પ્રાર્થના

ભાનુબેન ધરમદાસ શાહ

પ્રભુ એટલે પ્રકૃષ્ટ સર્જન, જેને આપણે સૌથી સર્વોચ્ચ સ્થાન આપીએ છીએ. પ્રાર્થના એટલે પ્રકૃષ્ટ અર્થ, આશય, મતલબ. પ્રાર્થનાની વિવિધ વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

(૧) પ્રાર્થના એટલે પ્રકૃષ્ટ, ઉત્તમોત્તમ આશયની પ્રાપ્તિ અર્થે કરાતી યાચના કે ભક્તિ.

(૨) પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક.

(૩) પ્રાર્થના એટલે આપણા અંતરતમમાંથી નીકળતો પ્રભુ પ્રતિ અહોભાવ વ્યક્ત કરતો ઉદ્‌ગાર.

(૪) પ્રાર્થના એટલે આપણી પ્રભુ સાથેની વાતચીત, સંવાદ, ગુફતેગો કરવાની અવ્વલ પ્રકારની રીત.

(૫) પ્રાર્થના એટલે ભક્તની પ્રભુ પ્રતિ નરમાઈ, પ્રતીતિ અને સમર્પણની ઉદાત્ત ભાવના.

(૬) પ્રાર્થના એટલે આપણા મનની નિર્મળતા, નિર્દોષતા, નિઃસ્વાર્થતા, નિઃશંકતાનું પ્રગટીકરણ.

(૭) પ્રાર્થના એટલે આપણા આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર દૂત અથવા સંદેશવાહક.

(૮) પ્રાર્થના એટલે આપણા મનની હતાશા, નિરાશા, નારાજગી, નાખુશી, નિષ્ફળતા દૂર કરીને મનને શાંતિ, સાંત્વના, સમતા આપનાર દરિયાવદિલ દાતાર.

(૯) પ્રાર્થના એટલે રોજની નિશ્ચિત પ્રવૃત્તિઓમાં પ્રથમનું અને અગત્યનું સ્થાન ધરાવનાર કાર્યપ્રણાલી.

(૧૦) પ્રાર્થના એટલે સ્વ-ભાવને શુદ્ધ, વિશુદ્ધ, પ્રબુદ્ધ બનાવનાર આત્મામાંથી સ્ફૂરતો અનન્ય નાદ.

(૧૧) પ્રાર્થના એટલે નિયમિતતા, તાજગી, પરિવર્તન આપતી ભગવત્‌સ્તુતિ, સ્તવના.

(૧૨) પ્રાર્થના એટલે પોતાના ભક્તોને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી, સમાધિ-ભાવમાં લાવતું પ્રભુનું અદ્‌ભુત નજરાણું.

(૧૩) પ્રાર્થના એટલે વિષયરાગ, કષાયો, વિભાવો, વિકારો વગેરેની ચુંગાલમાંથી છોડાવનાર અજબ સંજીવની.

(૧૪) પ્રાર્થના એટલે મોહ, માયા, મિથ્યાત્વ, મદ, મત્સર વગેરેથી ઘેરાયેલા આત્માને સદ્‌ભાવથી રંગનાર રંગરેજ.

(૧૫) પ્રાર્થના એટલે માનવના તન, મન, ધન, જીવનને નવી આશા, નવી ચેતના, નવી તાજગી આપનાર પરમ સ્વાસ્થ્યકારી ઔષધ.

(૧૬) પ્રાર્થના એટલે અતિ ઉત્તમ અને અતિ ઉત્કૃષ્ટપણે ચિત્તશુદ્ધિ કરાવતું મહત્ત્વનું આવશ્યક ઉપકરણ.

(૧૭) પ્રાર્થના એટલે સ્વના કલ્યાણ, મંગલથી શરૂ થઈને વિશ્વબંધુત્વ અને વસુધૈવ કુટુંબકમ્ તથા વિશ્વશાંતિ સુધી વિસ્તૃત થતી મનની મંગલકારી ભાવના.

(૧૮) પ્રાર્થના એટલે ભવોભવના અને અનેક જન્મોના પાપપુંજનો નાશ કરતું, સંવર-નિર્જરા વધારતું, સાફ દિલથી થયેલું ભગવદ્ ભજન, સ્તવન, સ્તુતિ.

(૧૯) પ્રાર્થના એટલે અનાદિકાળના મનના મલિન ભાવોથી ઉપજેલા કર્મચક્ર અને કષાયચક્રને કાપતું સિદ્ધપ્રભુનું શાંતિ આપતું પૂજન, અર્ચન, નમન.

(૨૦) પ્રાર્થના એટલે પંચ પરમેષ્ટિના ગુણગાન ગાતો અને આત્મઐશ્વર્યમાં વૃદ્ધિ કરતો મહામૂલો મંત્ર.

(૨૧) પ્રાર્થના એટલે પ્રભુના શરણમાં, ચરણકમલમાં, નિશ્રામાં, આશ્રયમાં પૂર્ણપણે સર્વાંગ અર્પણતા અને બિનશરતી સમર્પિતતા.

(૨૨) પ્રાર્થના એટલે દિલથી, દિમાગથી અભય, અખેદ, અદ્વેષ બનવાની શુભ શરૂઆત.

પ્રાર્થનાનો અર્થ સમજ્યા પછી મન વિચાર કરતું થઈ જાય કે તન, મન, ધન, જીવનને સાફ, શુદ્ધ અને નિરામય કરવા માટે પ્રાર્થના કઈ રીતે કરવી કે જેથી તે ફળદાયી બનીને તેની સચોટ અસર પ્રાર્થીમાં ઉપજાવે.

પ્રથમ તો પ્રાર્થના કરવા માટે મનને માખણ જેવું કૂણું, મુલાયમ, સુંવાળું કરવું પડે. માટી જેટલી લીસી, પોચી અને પગથી ગુંદેલી હોય તેમાં જ કોઈ પણ બીજ રોપી શકાય અને તેમાંથી અડીખમ વૃક્ષ ઊભું થાય. એટલે અહીં અહંકારને સમગ્રપણે નાબૂદ કરવો પડે. અહંકારથી જ માત્ર આપણે ઊભા ઊભા પ્રભુને નમીએ અને મૂર્તિપૂજા પણ એમ જ ઝટપટ પતાવી દઈએ તો તે પ્રાર્થના કે ભક્તિ નથી. પ્રાર્થના કરતી વખતે દીનતા, લઘુતા, વિનયનો ભાવ આવવો જોઈએ. ગુરુતાગ્રંથિથી પીડાતા માણસો પ્રભુને સાચા અંતરથી નમી શકે નહીં, પ્રાર્થી શકે નહીં. દરેક બાબતની સફળતામાં અહંકાર અભેદ્ય દીવાલ જેવો છે. તેથી તેના સહિત પ્રભુને પ્રાર્થીએ તો પ્રભુ ભીતરમાં પ્રવેશ કરી શકે નહીં અને કર્મમુક્તિ માટેની પ્રાર્થના નિષ્ફળ જાય. તેથી મંદિરમાં દીનતાના ભાવ સાથે પ્રવેશવું જોઈએ. સાચો જ્ઞાની, ત્યાગી આમ કરી શકે તેથી તે ઇચ્છિત ફળ પણ મેળવી શકે. મનમાં ''હરિ'' હોય તો ''હું'' ને જવું પડે અને જો ''હું'' હોય તો ''હરિ'' પ્રવેશી શકે નહીં, કારણ કે પ્રેમગલી અતિ સાંકડી છે તેથી ''હું'' ને ''હરિ'' સાથે રહી શકે નહીં. તેથી અહંકાર કાઢો, ઈશ્વર મેળવો.

'આત્મા સો પરમાત્મા' એવી લાગણી જેનામાં હોય તે જ પોતાના આત્માને પરમાત્મા પદ સુધી પહોંચાડવા માટે તનતોડ, મનભીનો, આત્મપોષક પુરુષાર્થ કરે. બાકી શંકાશીલ મનુષ્ય શ્રદ્ધાવર્ધક ભક્તિ કે પ્રાર્થના કરી શકે નહીં. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે તેમ 'ઈશ્વર શુદ્ધ સ્વભાવ'. તેથી મન, અંતર, ભીતર, આત્મા દરેકને શુદ્ધતા તરફ લઈ જતો ભાવ જ ભક્તિ, પ્રાર્થના કે અભ્યર્થના છે.

પ્રભુ સમક્ષ પ્રાર્થના કરતા પહેલા નિષ્પક્ષપાતપણે સ્વદોષકથન જરૂરી છે. અવગુણથી ભરેલો માનવી પ્રભુને અંતરના ઊંડાણથી પ્રાર્થી શકે નહીં. સદ્‌વૃત્તિ તેનામાં સરળતાથી આવે નહીં.

''હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ.''

''મુજ અવગુણ પ્રભુ તુમ ગુણ, માનું અનંત અમાપ,
બાળક કર પહોળા કરી, દે દરિયાનું માપ.''

મહામૂલા મોતીડા જેવાં અશ્રુબિંદુઓ આંખમાંથી ટપોટપ ખરતાં જાય, અને એક એક દોષની ક્ષમા પ્રાર્થી માગતો જાય, પ્રાયશ્ચિત્ત કરતો

જાય, પશ્ચાત્તાપની શુદ્ધ ગંગામાં નાહતો જાય તો જ તેનું દિલ સાફ થાય અને પ્રભુને પ્રાર્થવાની પાત્રતા તેનામાં આવતી જાય.

પ્રાર્થના નિઃસ્પૃહતાથી, નિરીચ્છપણે કરવી. પ્રાર્થી ભક્ત છે, ભિક્ષુક નથી. વળી, ભગવાન પાસે શું માગવું ? વીતરાગી પ્રભુ પાસે વસ્તુઓ, મિલકતો, સંબંધો કાંઈજ નથી તો તમને તે શું આપશે ? ઊલટાનું માગનારો ભગવાનને જાણતો જ નથી તેવું સાબિત થશે. પ્રભુ પાસે નિષ્કામ પ્રાર્થના કરવી. પ્રભુ પાસે સદ્‌વૃત્તિ, સદ્‌બુદ્ધિ, સદાચાર, કર્મબંધમાંથી મુક્તિ અથવા દુષ્કર્મો ભોગવવા માટે સમતા અને ક્ષમતા માગી શકાય. આત્મદર્શન, આત્મપ્રાપ્તિ માટે પ્રાર્થીમાં નીચેના સદ્‌ગુણો હોવા જોઈએ -

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."

આસ્રવ અને કર્મબંધ માટે સંપૂર્ણ જાગૃત રહીને, સંવર નિર્જરા દ્વારા, પ્રભુ પાસે અયોગી દશાની માગણી કરી શકાય. સાચો જ્ઞાની, ભક્ત, પ્રાર્થી, સંત - તેમણે આ બધું બરાબર સમજી લેવું જોઈએ.

એક વખત ભગવાન પાસે જે ભૂલોની કબૂલાત કરી તેનું પ્રાયશ્ચિત્ત કર્યું, પવિત્ર થયા પછી ભૂલો ફરીથી ન થવી જોઈએ. આના માટે ટેક (પ્રતિજ્ઞા) લેવી જોઈએ અને તેનું ઉલ્લંઘન ન જ થવું જોઈએ. આ રીતે દોષો નિર્મૂળ થાય છે અને ગુરુ પાસે ટેકધારી શિષ્યની મૂર્તિ સ્વચ્છ, સાફ થાય છે. શિષ્યની યોગ્યતા વધે છે. તેનામાં શ્રદ્ધા, ધરપત, ઉત્સાહ, ઉમંગ અને દૃઢ નિશ્ચયબળ આવે છે. આગળ જતાં પ્રાર્થી પરમાત્મા તુલ્ય બની જાય છે.

પ્રભુ પ્રત્યે સંપૂર્ણ, સર્વાંગ સમર્પણ હોવું જોઈએ. પ્રભુ સર્વશક્તિમાન છે અને પ્રાર્થી અલ્પ શક્તિવાળો છે તેથી સર્વસ્વ પ્રભુને અર્પણ કરવું જોઈએ. તમારા વિચારો, માન્યતાઓ, પૂર્વગ્રહો, સંબંધો માટેની લાગણીઓ, તન, મન, ધન, જીવન બધું જ હિચકિચાટ વગર પૂર્ણપણે પ્રભુને સોંપી દો. તમારું કાંઈ છે જ નહીં. ખાલી હાથે આ દુનિયામાં પ્રવેશ પછી જે મળ્યું તે બધું ઈશ્વરદત્ત છે અને જશું ત્યારે ખાલી હાથે જ જવાનું છે, તો બધાની મોહમાયા શા માટે ? તેથી મનને શૂન્ય કરીને પ્રભુનો પ્રવેશ આવકારો, તો તમારું ધારેલું થશે, માગેલું મળશે અને કરેલું ફળશે. આત્માની વધુ નજીક જતાં તમારું ધ્યેય પૂર્ણતાથી સફળ થશે.

પુરુષાર્થ અને પ્રારબ્ધ વચ્ચે સતત પ્રવૃત્તિશીલ રહો. પ્રભુપ્રાપ્તિ માટે સખત પુરુષાર્થ કરવાનો છે. ત્યારબાદ પ્રારબ્ધમાં હશે તો પુરુષાર્થબળે તમારું સાધ્ય સિદ્ધ થઈ શકશે.

"મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે."

આપણે પ્રભુના સંતાન છીએ, પ્રભુ આપણા પિતા છે - તે ભાવ મનમાં રાખીને કાર્ય કરવું.

પ્રાર્થનાનો અર્થ અને પ્રાર્થના કરવાની રીતનો વિચાર કર્યો. હવે પ્રાર્થના શા માટે કરવી ? તેની ફળશ્રુતિ શું ? તેને સમજીએ.

પ્રભુની પ્રાર્થના કર્યા પછી મન પ્રસન્ન, આનંદિત, હળવુંફૂલ જેવું થઈ જાય છે. ત્યારબાદ બીજા કામે ચડતા પ્રભુનું સ્તવન જ મનમાં ગુંજ્યા કરે છે. તેથી માનસપટમાં આવતા નકામા, ફાજલ વિચારો દૂર થઈ જાય છે અને સ્તવનના શબ્દો, ભાવ જ હોઠ પર રમ્યા કરે છે. તેથી આનંદઘનજી કહે છે તેમ -

"ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ,
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ."

પ્રાર્થનાનું ફળ પણ કપટરહિતતા, ચિત્ત પ્રસન્નતા અને આતમ અર્પણતા છે.

પ્રાર્થનાનું ફળ ભીતરી સુધારણા છે. અંતરના ભાવોને શુદ્ધ અને આત્મિક કરવાના છે. મનને નિર્મળ, નિર્દોષ, નિઃસ્વાર્થ, નિઃશંક કરવાનું છે. તેથી જ મનની શાંતિ, સમતા, સાંત્વના મળે છે અને નિરાશાના ભાવો દૂર થઈ જાય છે. વિપરીત ભાવો જે આત્માને દુઃખી કરે છે તેની જગ્યાએ સ્ફટિક સમ વિમલ ભાવો સ્થાન લે છે. અનેક ભવોના પાપને દૂર કરીને પુણ્યને જન્માવે છે. આંતરરિપુઓનો ખાત્મો બોલાવી દે છે.

ઘણી વખત જિંદગીમાં આવતી મુશ્કેલીઓથી વ્યક્તિ હતાશ થઈ જાય છે અને તેને સમાપ્ત કરવાનો વિચાર કરે છે. પણ આત્મહત્યા એ પ્રભુએ આપેલી જિંદગીનો દ્રોહ છે, આધ્યાત્મિક ગુનો છે. તેથી પ્રભુની ભક્તિ/પ્રાર્થના રોજ કરવાથી મુશ્કેલીઓ સામે ઝઝૂમવાનું બળ મળે છે અને પ્રભુ કોઈને કોઈ રસ્તો શોધી આપે છે. સાચો પ્રાર્થી પ્રભુને કહે છે,

"કરો રક્ષા વિપદ માંહી, ન એવી પ્રાર્થના મારી,
વિપદથી ના ડરું કો દિ' પ્રભુ ! એ પ્રાર્થના મારી.
પ્રભો તું પાર ઉતારે ન એવી પ્રાર્થના મારી,
તરી જવા ચહું શક્તિ, પ્રભુ ! એ પ્રાર્થના મારી."

ભવિષ્યનો ડર અને ચિંતા આપણામાં કાયરતા જન્માવે છે. તે સમયે ભગવાનના/મહાપુરુષોના જીવનચરિત્ર વાંચતા ખ્યાલ આવે છે કે તેઓએ અપરંપાર દુઃખો સહન કર્યા, છતાં અડીખમ રહ્યા. ભગવાન મહાવીરે કેટલા ઉપસર્ગો સહન કર્યા છતાં કોઈ પ્રત્યે વેર/દ્વેષ રાખ્યા વગર સૌને તાર્યા, મિત્રો બનાવીને મોક્ષની વાટ સમજાવી. નરસિંહ મહેતા, મીરાંબાઈના દાખલા મોજૂદ છે. પ્રભુને સર્વ સમર્પણ કરીને નિશ્ચિંત થઈ ગયા અને પ્રભુએ તેઓની સઘળી વિટંબણા દૂર કરીને લોકોમાં લાજ વધારી અને પ્રભુમાં શ્રદ્ધા પણ વધારી. "હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને." માથું મૂકીને, મોતને હાથમાં લઈને, જિંદગીનો મોહ છોડીને ભક્તિ/પ્રાર્થના કરવાના છે.

સત્સંગમાં શક્ય તેટલું રહેવાથી આત્માનું મહત્ત્વ સમજાય છે. સત્શાસ્ત્રોનું વાંચન, શ્રવણ પણ આત્મદર્શનની ઝંખના જગાડે છે. ભક્તિ/ પ્રાર્થનાથી આમ જ આત્મા પરમાત્મપદ સુધી પહોંચશે.

"દીવાલો દુર્ગની તૂટે, તૂટે જંજીર લોખંડી,
તૂટે સૌ બંધનો જગના, હશે જો રાજ-ભક્તિ તો,
હશે જો પ્રભુની પ્રાર્થના તો."

ગાંધીજીના જીવનમાં પ્રાર્થનાનું ઘણું મહત્ત્વ હતું. તેનાથી તેમનામાં આત્મશક્તિનો સંચાર થતો. પ્રભુ પ્રત્યેની અખૂટ શ્રદ્ધાથી જ તેમના જીવનના અંતિમ શ્વાસે છેલ્લો શબ્દ 'હે રામ' હતો. રોજનું સ્મરણ જીવનને પ્રભુમય કરી દે છે. પળે પળે લેવાતા પ્રભુનામથી જ પરમાત્મા બની શકાય છે. તેથી પ્રભુને શ્વાસોચ્છ્વાસની જેમ નિયમિત સ્મરણમાં રાખો તે જ સાચી પ્રાર્થના છે.

## અમૃતવાણી

- **નવછિદ્રોમાંથી ઝરતા મેલથી વ્યાપ્ત શરીરના સ્નાનથી આત્માને શું ? આંતરમેલના નાશ માટે મનશુદ્ધિ રૂપી પાણી વડે સ્નાન કરવું જરૂરી છે.**
- **ધર્મવૃક્ષને બાળી નાખનાર ક્રોધ, માન, માયા, લોભ અને કામ - આ પાંચ અંતરઅગ્નિ છે. સુજ્ઞ માણસોએ આત્મકલ્યાણ માટે આ પાંચને વશ કરવા જોઈએ.**
- **કેવળ સુખનું જ જીવન જીવનાર સમાધિમરણ પામી શકતો નથી અને કેવળ ધર્મનું જ જીવન જીવનાર ક્યારેય અસમાધિમાં મરતો નથી.**

# બંધ સમયે ચેતી જા, ઉદયે શો ઉચાટ !

**પૂ. ભાઈશ્રી શશીકાંતભાઈ શેઠ**

અનેક પ્રતિકૂળતા પણ વૈરાગ્યનું કારણ બની જતી હોય છે. કુટુંબમાં દેહાંતાદિ પ્રસંગો થાય તો તેવા પ્રસંગે આત્માના કેવા પરિણામ રહેવા જોઈએ, જેથી નવો બંધ ન પડે ને વર્તમાનમાં આકુળતાને દુઃખ ન થાય.

કોઈપણ ઉદયપ્રસંગને આત્મકલ્યાણના દૃષ્ટિકોણથી વિચારવો, મૂલવવો અને આત્મકલ્યાણમાં નિમિત્ત બને એ પ્રમાણેની કાર્યપદ્ધતિ હોવી જોઈએ તો જીવનમાં સર્વત્ર સુખશાંતિ રહે. જો તેવી પરિસ્થિતિ ન હોય તો ગમે તેવા અનુકૂળ પ્રસંગોમાં પણ જીવને શાંતિ ન રહે અને એ સમજવા સત્સંગ, સ્વાધ્યાય જરૂરી છે.

આત્મા શાશ્વત છે અને શરીરના ફેરફારો થાય છે. આત્મા અનાદિ અનંતથી શાશ્વત છે અને શરીર એક છૂટે છે ને નવું શરીર સંયોગ પામે છે. શરીરનો વિયોગ થાય છે અને આત્માને નવા શરીરનો સંયોગ થાય છે. શરીરના ફેરફારો થાય છે એમાં આત્માનું પોતાનું સ્થાન એમને એમ છે. એને કાંઈ લાગતું વળગતું નથી.

લોકો જેને મૃત્યુ કહે છે એ લૌકિક દૃષ્ટિએ સૌથી વધારે દુઃખદાયક પ્રસંગ છે અને જન્મ એ સૌથી વધારે ખુશીનો પ્રસંગ છે, પણ અલૌકિક દૃષ્ટિએ આત્માને તેથી કાંઈ લેવા-દેવા નથી. આટલો બધો ભિન્ન દૃષ્ટિકોણ, ભિન્ન વિચારધારા લૌકિક અને અલૌકિકની છે. એક ભવથી બીજો ભવ એમ અનંત જન્મ-મરણ (શરીરના સંયોગ-વિયોગ) કર્યા છે. આત્મા જન્મતો નથી ને મરતો નથી. આ ભવમાં પરમકૃપાળુ ગુરુદેવ મળ્યા તો ભવનો અભાવ થાય અને જન્મમરણ ટળી જાય અને શરીર જ ન મળે, એવી ભાવના કરવી જોઈએ.

આમ તો અનેક ભવમાં જ્ઞાનીપુરુષો મળ્યા. તીર્થંકરોના સમવસરણમાં પણ જવાનું બન્યું. પણ જીવ વિષયની ગંભીરતા, વાસ્તવિકતા ના સમજ્યો ને એમને એમ ઓઘે ઓઘે ગયો - પરિસ્થિતિ એવીને એવી રહી. હવે આ ભવમાં પરમકૃપાળુદેવ રાજપ્રભુ મળ્યા, ને ઓળખ્યા. હવે જન્મમરણ જ ટળી જાય ને નવું શરીર જ ન મળે એવી ભાવના કરવી. ભવનો અભાવ થાય એવી ભાવના કરવી. સામાન્ય લોકોમાં તો સારી ગતિ થાય એવી ભાવના હોય છે. તેઓ ચાર ગતિમાં સારી-ખરાબના ભેદ પાડે છે, પણ પંચમગતિ (મુક્તિ) મળે એ વાત નથી. ખરેખર તો શરીર જ ન મળે, અશરીરી તત્ત્વ હું છું એમ વિચારવું. શરીરની ભાવના કરવી એ મારા સ્વઃતત્ત્વની વિરુદ્ધ ભાવના છે એટલે શરીર જ ન મળે એવી ભાવના કરવી. નિર્વાણની, મોક્ષની ભાવના કરવી. 'માત્ર મોક્ષ અભિલાષ.'

આર્ત્તધ્યાનના વિચારને ઓછા કરીને, પોતે વિચાર કરીને શાંતિ રાખવી. એવો આર્ત્તધ્યાનનો પ્રસંગ આવે ત્યારે આર્ત્તધ્યાન સર્વથા નહીં થાય એવું ન બને. આર્ત્તધ્યાનના પ્રસંગને ચારે પડખેથી વિચાર કરીને લાભ, નુકસાન, વસ્તુસ્થિતિનો વિચાર કરવો અને આર્ત્તધ્યાન ઓછું થાય તેવો વિચાર અને પુરુષાર્થ કરવો. ચારે પડખેથી એટલે ટૂંકમાં યથાર્થતાથી. જેમ કોઈ એક વ્યક્તિ કોઈ એક વિષયમાં નિષ્ણાંત હોય તો પછી એને બધા પડખા ચોખ્ખા હોય તેમ આમાં હોવું જોઈએ.

પોતાના આત્મકલ્યાણના વિષયમાં પોતે નિષ્ણાંત હોવું જોઈએ કે મારું કલ્યાણ મારે સાધવાનું છે, ને અકલ્યાણ ન થાય તે જોવાનું છે. અહિત કેમ ન થાય, હિત કેમ થાય એમાં પોતાનું નિષ્ણાંતપણું હોવું જોઈએ. કૃપાળુદેવ મુમુક્ષુના પ્રશ્નોના જવાબ કેટલા વિસ્તાર-વિચારપૂર્વક ચારે પડખાથી આપતા

એટલે પ્રશ્ન પૂછનારના આત્માને સ્પર્શ કર્યા વગર રહે નહીં. કેમ કે વિષયનું એમની પાસે તલસ્પર્શી જ્ઞાન હતું.

આર્ત્તધ્યાનના પરિણામો ઓછા કરવાં, ચિત્તશાંતિ કરવી, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. હું સર્વથી, સર્વ પ્રકારે સદાય ભિન્ન જ્ઞાનમય છું. હું જ્ઞાન તત્ત્વ હોવાથી મારે કોઈની સાથે કોઈપણ સંબંધ નથી. કેવળ અસંગ તત્ત્વ છું. નિર્લેપ ચૈતન્ય છું, નિરપેક્ષ ચૈતન્ય છું. કોઈની અપેક્ષા મારા આત્મ તત્ત્વને નથી. વિશ્વનો એક નિરાલંબ તત્ત્વ છું. કોઈના આધાર, અવલંબનની મને જરૂર નથી. આ પ્રકારે સ્વરૂપની ભાવના ભાવતાં ભેદજ્ઞાન થાય. ભેદજ્ઞાન એ સ્વરૂપજ્ઞાનની પદ્ધતિ છે. ભેદજ્ઞાન કહો કે પોતાના સ્વરૂપની આત્મભાવના કહો. તે આતમભાવના મુમુક્ષુની પ્રારંભ દશાથી ઠેઠ કેવળજ્ઞાન સુધી ઉત્પન્ન થયા કરે છે. એટલે કૃપાળુદેવ કહે છે, 'આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.' ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ શરીર જુદું ને આત્મા જુદો. જે કોઈ દેહાંતનો પ્રસંગ થયો છે એ તો એક વાસ્તવિકતાને જાહેર કરનારો પ્રસંગ છે. જુઓ, આત્માને દેહ જુદાં હતાં માટે જુદાં થઈને રહ્યાં, જ્યારે સંયોગમાં હતાં ત્યારે જીવ ભૂલ ખાતો હતો કે આ બે એક છે. 'માણસ છું' એનો અર્થ શું કે જડ ને ચેતન એક થઈ ગયા ? પણ એવું માનવાથી એક થઈ ન જાય. આખરમાં એક વાસ્તવિક સ્થિતિ છે તે 'પાઘડીનો વળ છેડે' એમ આવીને ઊભી રહેશે ને સ્પષ્ટ ભિન્ન પડી જશે.

કોઈ વિકલ્પ મારો નથી. વિકલ્પ છે તે અન્ય તત્ત્વ છે. હું તો જ્ઞાન તત્ત્વ છું, મારે વિકલ્પ સાથે નિશ્ચયથી સંબંધ નથી. તે આત્માની દશામાં ઉત્પન્ન થાય છે છતાં આત્માના સ્વરૂપથી ભિન્ન છે, વિરુદ્ધ છે તો પછી બીજી કઈ અન્ય ચીજમાં તું પોતાપણું કરે છે અને પોતાપણું કરીને દુઃખી થાય છે ?

દુઃખના સમયે દેવ-શાસ્ત્ર-ગુરુ યાદ આવે તે સારું છે, એ સારું લક્ષણ છે, નહિતર પરિણામ આર્ત્તધ્યાનમાં ખેંચાઈ જશે. તેઓ યાદ આવતાં દુઃખ ઓછું થઈ જાય, પરિણામમાં ફેરફાર થઈ જાય. યાદ એટલે ખાલી રટણ કરવું એમ નથી. એમના વીતરાગ સ્વરૂપને જ્ઞાનમાં લેવું જોઈએ. એ દેવ-ગુરુ-શાસ્ત્રની વીતરાગતા જ્ઞાનગોચર થવી જોઈએ, તો પરિણામ પલટાઈ જશે. આર્ત્તધ્યાનના પરિણામ ફરી જશે. એટલે શાસ્ત્રમાં આવે છે કે દુઃખના સમયે ધર્મભાવનાના સારા પ્રસંગો યાદ કરજે. સારા પ્રસંગો એટલે કે જે જે પ્રસંગોમાં આત્મકલ્યાણની ભાવના થઈ હોય એને યાદ કરજે. વૈરાગ્યના પ્રસંગો, સંસારની અશરણતા-અસારતા ભાસી હોય, ગુરુદેવના પ્રવચનોમાં પોતાના ભાવોનું અનુસંધાન થયું હોય તે પ્રસંગો યાદ કરજે. નવા બંધ સમયે જાગૃતિ રાખે તો ઉદય આવશે ત્યારે મારું શું થશે એની ચિંતા કરવી નહીં પડે.

અત્યારે નવો કર્મબંધ ન થાય એમાં જાગૃત થવું કેવી રીતે ? તો કે ભિન્નતા અવલોકીને.. કે હું ભિન્ન જ્ઞાનમય તત્ત્વ છું, ખરેખર મારે શું લેવા દેવા છે ? જગત જગતની રીતે ચાલે છે, એને નાટક સમજવાનું છે, વાસ્તવિકતા સમજવાની નથી. જેટલી વાસ્તવિકતા સમજાય છે એટલી ભૂલ થાય છે. એ મોહવશ થાય છે ને એ અનંતાનુબંધીના રાગદ્વેષ થવાનું કારણ છે. એ વખતે ચેતી જાય તો પછી તેને ઉદયના વિચાર નહીં કરવા પડે કે હવે મને કેવા ઉદય આવશે ? શું થશે ? એ ચિંતા તારે કરવી નહીં પડે, અથવા વર્તમાન કર્મનો જે ઉદય આવ્યો છે એનો ઉચાટ કરવા જેવો નથી. નવો બંધ ન થાય એની જાગૃતિ રાખવા જેવી છે, એમ બંને લાગુ પડે છે.

તને બંધ થાય ત્યારે તું ચેતી જજે. ઉદયમાં ઉચાટ કરીશ તો પણ ઉદયમાં ફેરફાર નહીં કરી શકે કેમ કે પૂર્વકર્મનું બંધન એ અનિવાર્ય છે. સર્વ સંસારીઓને હોય છે, સર્વ જ્ઞાનીઓને પણ કક્ષા અનુસાર હોય છે અને આયુષ્યાદિ ચાર અઘાતીઓનું બંધન તો અરિહંત, તીર્થંકરોને પણ હોય છે.

સીમંધરનાથ ભગવાન ૮૪ લાખ પૂર્વ છદ્મસ્થ અવસ્થાએ રહ્યા. ૧૬ લાખ પૂર્વ અરિહંત અવસ્થાએ

રહેશે. એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. સિદ્ધાલયમાં જવા માટે ૧૬ લાખપૂર્વ ધ્યાનસ્થ અવસ્થામાં કેવળજ્ઞાનમાં રહેશે. ભરતક્ષેત્રની આવતી ચોવીસીના સાતમાં તીર્થંકર કેવળજ્ઞાન પામશે ત્યારે સીમંધરનાથ સિદ્ધાલયમાં જશે. એટલું આયુષ્યકર્મ ભોગવવું જ પડશે. અનંતજ્ઞાનની સાથે વીર્ય એટલે પુરુષાર્થ પણ અનંતો પ્રગટ થયો છે પણ ઉદયમાં ફેરફાર કરવો શક્ય નથી. બીજાએ તો વિચાર કરવાનો રહેતો જ નથી કે ઉદયને આમ ફેરવી નાખું ને આમ કરી નાખું એ બધો ઉચાટ તદ્દન વ્યર્થ અને નકામો છે. (સત્તામાં રહેલાનો ફેરફાર થાય, કરી શકાય.)

નવો કર્મબંધ ન થાય એ તારા સ્વાધીન પુરુષાર્થનો વિષય છે, જે પૂર્વે આવા બંધ બાંધ્યા હતા તેનો ઉદય છે. એમાં ફેરફાર કરવાનો તને અધિકાર નથી. માટે બંધ થાય ત્યારે ચેતી જા, ઉદયે શું ઉચાટ ! ટેન્શન શાનું આવે છે ? ઉદય નામંજૂર છે એનું ? એ તો તારું જ બાંધેલું ઉદયમાં આવ્યું છે. તારું કરજ તારે ચૂકવવું. તને કોઈ કહે કે તું પ્રામાણિક નથી તો તને સારું નહીં લાગે. તું કહીશ કે હું તો પ્રામાણિક માણસ છું. તો પછી તને ઉદયની સામે વાંધો શું કરવા આવ્યો ?

ઉદયની સામે વાંધો આવવો જોઈએ નહીં. જે ઉદય આવ્યા છે એ મારો ઉદય છે એવી ઉપાધિ પણ કરવી નહીં. ઉદય મારો છે એમ કદી ન લેવું. ઉદય ઉદયમાં છે, આત્મા આત્મામાં છે. તેમાં તારું અસ્તિત્વ નથી પછી તું 'મારું' કેમ કહે છે ? ઉદય ઉદયમાન પદાર્થમાં છે, તારામાં નથી. તારો ઉદય ગણે છે માટે તને દુઃખ થવાનું છે. ઉદયમાં પોતાપણું ન કરતાં દુઃખને હૃદયમાં ભિન્નપણું કરતાં સુખ... છે ! આ તો રામબાણ ઉપાય છે દુઃખથી મુક્ત થવાનો.


મનુષ્ય પર્યાયમાં માનની પ્રકૃતિ બહુ તકલીફકર્તા છે, કોઈએ તમારી નિંદા કરી ત્યારે મારે કાંઈ લેવાદેવા નથી એમ સમજણ રહેવી જોઈએ. કોઈ કહે કે નિંદા કરી છે તો કહેવાનું કે એ એનો ઉદય હતો. કોનો ? જેના પરિણામ બગડે એનો ઉદય (નિંદા કરનારનો) ત્યાં કરુણા આવવી જોઈએ કે આ બિચારાને આવો ક્યાં ઉદય આવ્યો ! આપણો ઉદય નથી, આપણો સંબંધ નથી. એના ઉદય સાથે ભિન્નતા એટલી કે કાંઈ સ્નાનસૂતક નહીં, પછી જુઓ કેટલી લીલાલહેર છે. !!! નહીંતર આકુળતા, દુઃખી દુઃખી થઈ જશો. ક્યાંય સમાધાન નહીં થાય. જો જો કેવી આત્માની મસ્તી ચડે છે, મસ્ત થઈને રહેશે !

ઉદય આવી ગયા પછી ઉચાટ, આકુળતા, દુઃખ કરવું એ બધું નકામું છે. એમાં તો ઈન્દ્ર, નરેન્દ્ર, ધરણેન્દ્ર કોઈ કાંઈ કરી શકતા નથી. એવા સમર્થ પુરુષો કાંઈ ન કરી શકે તો પછી હું તો ક્યાંથી કંઈ કરી શકવાનો હતો ? તું પામર પ્રાણી, તારો શો અધિકાર છે ? એટલે એ રીતે એની વ્યર્થતા વિચારીને એ પરિણામ છોડી દેવા. આ વિભાવભાવો એવા દુઃખદાયક છે કે જેથી આવા દુઃખ આપે છે, વર્તમાનમાં પણ દુઃખ આપે છે ને નવો કર્મબંધ બાંધે છે. માટે બંધ સમયે તું ચેતી જજે. જાગૃત થઈ જા, પછી ઉદય આવે ત્યારે ઉચાટ નકામો છે કેમ કે એ તો બની શકવાનું નથી.

**હું સર્વથી, સર્વપ્રકારે સદાય ભિન્ન જ્ઞાનમય છું. કોઈ વિકલ્પ મારો નથી, હું તો જ્ઞાનતત્ત્વ છું.**

જગતના પદાર્થો મારી કે કોઈની ઈચ્છાને આધીન નથી. બીજાની ઈચ્છા પ્રમાણે મારા પરિણામ થાય કે મારી ઈચ્છા પ્રમાણે બીજાના પરિણામ થાય એ અસંભવ, અશક્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું માત્ર રટણ નહીં, એમની વીતરાગતા જ્ઞાનગોચર થવી જોઈએ. ટૅન્શન શાનું આવે છે ? ઉદય નામંજૂર છે એનું ! તારું જ કરજ છે. ચૂકવી દે ! ઉદય મારો છે એમ કદી ન લેવું ! ઉદય ઉદયમાં છે, આત્મા આત્મામાં છે ! બંધ સામે તું ચેતી જા, તો તારે ઉદય સમયે ચિંતા કરવી નહીં પડે. નવો કર્મબંધ ન થાય એ તારા સ્વાધીન પુરુષાર્થનો વિષય છે.

• • •



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## જળમાં કમળ

પુરાણનો પ્રસંગ છે.

મહર્ષિ વ્યાસે એમના સુપુત્ર શુકદેવને કહ્યું, ''બેટા, તું મિથિલા જા. વિદેહના રાજા જનકનો થોડો સત્સંગ કરી આવ. જનકરાજા બ્રહ્મજ્ઞાની છે.''

શુકદેવ તો પિતાની આજ્ઞા માથે ચડાવી મિથિલાના પંથે પડ્યા. મનમાં વિચારે છે કે જનકરાજા બહુ મોટા જ્ઞાની છે. એ તો સાદાઈથી જીવતાં હશે. રાજ-કાજની ખટપટો મંત્રીઓને સોંપી કોઈ શૂન્ય વનમાં ધ્યાન ધરતાં હશે...

પરંતુ, જ્યારે મિથિલાની રાજધાનીમાં શુકદેવે પગ મૂક્યો ત્યારે એમની બધી ધારણાઓ ખોટી પડી.

જુએ છે તો મહારાજા કિંમતી વસ્ત્રો અને અલંકારો ધારણ કરીને સિંહાસન પર બેઠા છે. બે બાજુ ચામર ઢળાય છે. દરબાર ભરાયેલો છે. રાજ-કાજમાં રાજા બરોબર ધ્યાન આપી રહ્યા છે. એક રાજામાં હોય તે બધું જનકમાં છે. એક સંત કે બ્રહ્મજ્ઞાનીમાં હોવું ઘટે એવું એકેય લક્ષણ જનકમાં નજરે ચડતું નથી.

શુકદેવને લાગ્યું કે અહીં મોકલવામાં પિતાજીની પણ સમજફેર થઈ લાગે છે. ભોગ-વિલાસ અને રાજ-કાજમાં ડૂબેલા આ રાજા પાસેથી બ્રહ્મજ્ઞાનની આશા રાખવી તે રણમાં ઝરણું શોધવા જેવી ઠગારી જ નીવડશે.

મહારાજા જનકે શુકદેવની સામે નજર કરી. શુકદેવના આગમન અને એના હેતુ વિષેની બધી વિગતો ગુપ્તચરો પાસેથી એમને મળી ગઈ હતી.

શુકદેવના ચહેરાના ભાવ વાંચતા જનક એમની મનઃસ્થિતિ પામી ગયા. શુકદેવનો સંશય ટાળવા કંઈક ટુચકું કરવું પડશે એમ લાગ્યું.

એમણે કહ્યું, ''શુકદેવજી પધારો, તમારે અહીં એક પરીક્ષામાંથી પસાર થવાનું છે પછી બીજી બધી વાત. તેલથી ભરેલું આ કોડિયું લઈ આખા નગરની પરિક્રમા કરી આવો. એક પણ ટીપું પડે નહીં એની કાળજી રાખજો.''

સિપાઈઓને જનકે કહ્યું, ''તમારે શુકદેવની જોડે ફરવાનું છે. તેલ ઢળે તો શુકદેવનું માથું ઉડાડી દેજો. મને પૂછવા ન આવતા.''

શુકદેવ પણ જ્ઞાની હતા. બ્રહ્મજ્ઞાન મેળવવા આવ્યા છીએ તો જનક કહે તેમ કરવું રહ્યું.

આખાય નગરની પરિક્રમા કરીને શુકદેવ જનક પાસે આવ્યા. જનકે પૂછ્યું ''શુકદેવજી, મિથિલામાં આપના પાવન પગલાં પ્રથમ વાર જ થયા. કહો જોઈએ, મિથિલા કેવી લાગી ? રસ્તાઓ, મહાલયો, બજારોમાં તમને કંઈ ફેરફાર સૂચવવા જેવું લાગે તો...''

જનકને અધવચ્ચે અટકાવી શુકદેવ કહે, ''મહારાજ, મારું સમગ્ર ધ્યાન કોડિયાના તેલ ઉપર હતું. પછી મિથિલાના રસ્તા કે મહાલયો વિષે હું શું કહી શકું ?''

મર્માળુ હાસ્ય કરતાં જનક કહે, ''ઋષિજી રાજવૈભવ વચ્ચે રહેવા છતાં મારું ધ્યાન સતત આત્મકલ્યાણ તરફ મંડાયેલું છે એટલે રાજ-મહાલયમાં પણ હું જળકમળવત્ રહું છું. રાજમહેલમાં બ્રહ્મજ્ઞાન ન જ મળે એવું એકાંતે નથી.''

તેજીને ટકોર પૂરતી છે. પોતાના સંશયને ટાળીને શુકદેવજીએ જનકનું સાન્નિધ્ય માણ્યું અને તૃપ્તિ મેળવીને પાછા ફર્યા.

માત્ર બાહ્યસ્થિતિ ઉપરથી બીજા વિષે અનુમાનો કરવામાં ભૂલ થવાનો સંભવ છે. ■ ■ ■

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા આયોજિત ફેબ્રુઆરી માસની શિબિરમાં આદ. પં. શ્રી ધીરજલાલ ડી. મહેતાની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન

સંસ્થા દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં તા. ૧૧-૨-૨૦૧૫થી તા. ૧૪-૨-૨૦૧૫ દરમિયાન આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં આદ. પંડિતજી શ્રી ધીરજલાલ ડી. મહેતા (સૂરત) શ્રી તત્ત્વાર્થસૂત્ર - અધ્યાય ૮ના આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. પંડિતજીની સ્વાધ્યાયશ્રેણી ઉપરાંત અભિષેક, પૂજા, ભક્તિસંગીત આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો શિબિર દરમિયાન યોજાશે. શિબિરનો લાભ લેવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી; જેથી અમો આપની સુવિધાઓ સાચવી શકીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **ગુરુકુળ વિભાગ :** કાયમી શુભેચ્છક વાલી તરીકે નીચેના દાનવીર મહાનુભાવોએ દાનરાશિ નોંધાવેલ છે.

૧. આદ. શ્રી હર્ષદભાઈ સંઘરાજકાની પૌત્રીઓ ચિ. અણમોલ અને ચિ. પ્રિષા મેહુલ સંઘરાજકા
હસ્તે : આદ. શ્રી હર્ષદરાય નંદલાલ સંઘરાજકા, લંડન. રૂ. ૧,૦૦,૦૦૦/-

૨. આદ. શ્રી પ્રકાશભાઈ તથા સ્નેહલતાબેન પાટલિયા રૂ. ૧,૦૦,૦૦૦/-

૩. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી, લંડન અને અમદાવાદ રૂ. ૧,૦૦,૦૦૦/-

૪. આદ. શ્રી જિજ્ઞાસુબેન નરેન્દ્રભાઈ શેઠ, (Detroit, U.S.A.)
(ગુરુકુળના બે બાળકોને દત્તક લેવાના તથા ગરમ સ્વેટર માટે) રૂ. ૨૯,૦૦૦/-

● **મેડિકલ સેન્ટર :**

૧. આદ. શ્રી સૌભાગ્યચંદભાઈ જી. તુરખિયા, સુરેન્દ્રનગર રૂ. ૨૦,૦૦૦/-

૨. આદ. જિજ્ઞાસુબેન એમ. શેઠ (યુ.એસ.એ.) રૂ. ૧૪,૦૦૦/-
(હસ્તે. આદ.શ્રી મહેન્દ્રભાઈ શેઠ તથા આદ. શ્રી ઉષાબેન કે. શેઠ)

૩. શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર (પૂના ગ્રુપ) રૂ. ૭,૦૦૦/-

૪. આદ. શ્રી ઈન્દિરાબેન રમેશભાઈ મહેતા, પૂના રૂ. ૭૦૦૦/-

૫. આદ. શ્રી મુકેશભાઈ એમ. પારેખ, ચેન્નાઈ રૂ. ૭૦૦૦/-

૬. આદ. શ્રી ચેતનભાઈ ભૂપેન્દ્રભાઈ શાહ, સિંગાપોર રૂ. ૫૦૦૦/-

૭. આદ. શ્રી ચંદ્રકાન્તભાઈ ત્રિભોવનદાસ મહેતા, મુંબઈ રૂ. ૫૦૦૦/-
(હસ્તે. આદ. શ્રી નીતિનભાઈ પારેખ)

● **સુધારો :** ગત અંકમાં આપેલ નામ નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી.

૧. આદ. શ્રી ભદ્રાબેન નરેશભાઈ શાહ, પાલડી, અમદાવાદ રૂ. ૧૦,૦૦૦/-

## સંસ્થામાં ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

પૂજ્યશ્રીના જન્મમંગલદિન નિમિત્તે સંસ્થામાં તા. ૧-૧૨-૧૪થી તા. ૩-૧૨-૧૪ દરમ્યાન નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશ-વિદેશથી પધારીને સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ શિબિરનો લાભ લીધો હતો. શિબિરનું સફળ સંચાલન પ્રતિભાસંપન્ન તથા સંસ્થાને સમર્પિત મુમુક્ષુ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્યથી શિબિરનો શુભારંભ થયો.

● **સ્વાધ્યાય :**

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ વચનામૃત પત્રાંક-૧૭૨(વીડિયો કેસેટ)ના આધારે જણાવ્યું કે સાચી ભક્તિ દ્વારા મુક્તિના માર્ગની પ્રાપ્તિ થાય છે. અનાદિથી ન જાણેલો અગમ, અગોચર એવો મોક્ષનો માર્ગ સ્વચ્છંદે ન જાણી શકાય. આપણી બુદ્ધિને સદ્‌ગુરુની આજ્ઞા અનુસાર ઢાળવી. જેમને પરમાત્મા અને સદ્‌ગુરુમાં શ્રદ્ધા ન હોય તેને કદાપિ સમ્યગ્‌દર્શન ન થાય. મોક્ષ તત્ત્વ = ભગવાન. સંવર, નિર્જરા, પુણ્યાનુબંધીપુણ્ય = સદ્‌ગુરુ. સત્‌દેવ - ગુરુ - ધર્મનો દ્રોહ એ મોટું પાપ છે. જ્ઞાનીનો મુખ્ય 'બિઝનેસ' જ્ઞાન, ધ્યાન અને વૈરાગ્યની વૃદ્ધિનો છે. અલ્પ પુણ્યના ઉદયમાં જીવ ઉન્મત્ત બની જાય છે. આત્મા સંપૂર્ણપણે વાણીનો વિષય નથી પણ અનુભવનો વિષય છે. જેને દુનિયાની વસ્તુઓ બહુ ગમે તેને ભગવાન ગમે નહિ ! દુનિયાના પદાર્થોમાં આસક્ત થવું નહિ. વ્યક્તિગત રાગથી નહીં, પણ ગુણાનુરાગથી આત્મત્વની પ્રાપ્તિ થાય છે. દોલત ઔર સત્તાવાલે કો નહિ, દિલવાલે કો ભગવાન મિલતે હૈ. મનુષ્યભવની એક એક ક્ષણ લાખેણી છે.

**બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ**એ પં. બનારસીદાસજી કૃત 'સમયસાર નાટક'ના આધારે 'શ્રાવકના ૨૧ ગુણ' (લજ્જાવંત, દયાવંત, પ્રસન્નતા, મંદકષાય, શ્રદ્ધા, પરદોષને ઢાંકનાર, પરોપકારી, સૌમ્ય, ગુણગ્રાહક દૃષ્ટિ, ગરિષ્ટ, સહનશીલતા, સર્વજનપ્રિયતા, સત્યના પક્ષપાતી, મધુરભાષી, દીર્ઘદૃષ્ટિવાન, વિશેષજ્ઞ, શાસ્ત્રજ્ઞાનની મર્મજ્ઞતા, કૃતજ્ઞતા, તત્ત્વજ્ઞ, ધર્મજ્ઞ, ન દીન ન અભિમાની, સ્વાભાવિક વિનય, પાપાચરણથી રહિત)ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે લજ્જા એ મુમુક્ષુનું આભૂષણ છે. બિનજરૂરી હિંસા ન થાય તેની શ્રાવકે જાગૃતિ રાખવી. રાગ-દ્વેષ-મોહના પરિણામ આત્મામાં ન થવા દેવાં તે સ્વદયા છે. અહિંસા વ્રતના પાલન માટે બાકીના ચાર વ્રતો જ્ઞાનીઓએ કહ્યાં છે. રાત્રે ખાવું તે માંસ ખાવા સમાન છે. કષાય મંદ ન પડ્યા હોય તેને જ્ઞાનીપુરુષના બોધનું પરિણમન ન થાય. મિથ્યાત્વનો ત્યાગ અને કષાયની મંદતા - સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા આ બંને પ્રકારના પુરુષાર્થ જરૂરી છે. આ ઉપરાંત સત્‌દેવ-ગુરુ-ધર્મ તથા નવ તત્ત્વની શ્રદ્ધા, સ્વ-પરનું ભેદવિજ્ઞાન અને અભેદ દૃષ્ટિ પણ જરૂરી છે. મનુષ્યભવમાં પરોપકારના કાર્યો કરી લેવાં. અંતરંગ કષાયોના અભાવથી સાચી શાંતિ પ્રગટે છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓને

સહન કરવાની ટેવ પાડવી. જીભ પર ડાયાબિટીસ રાખો ! ગુરુગમપૂર્વકનું શાસ્ત્રજ્ઞાન આત્માને વિશેષ હિતકારી છે. બધા શાસ્ત્રોનો સાર સ્વરૂપસ્થ થવું તે છે. શુભ ભાવ તે આસ્રવ છે. તેને 'ધર્મ' ન માનવો. વિનય વેરીને પણ વશ કરે છે. સમ્યક્ત્વને લાવનાર મુખ્ય ગુણ વિનય છે.

**આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સંસારથી તપ્ત, થાકેલાં લોકોને વડલા સમાન પૂજ્યશ્રીના આશ્રયે શીતળ ઠંડકનો અનુભવ થાય છે. આ સંસ્થા સાથે મમતાથી હું જોડાયેલો છું. પૂજ્યશ્રીએ આપણને કોંક્રીટ અધ્યાત્મનો વારસો આપ્યો છે; જે જીવનની કોઈ પણ ઘટના દરમિયાન જળવાઈ રહે છે. આજે ભૌતિકવાદની ભીડ વચ્ચે અધ્યાત્મની વાત કરવી તે પણ કપરી છે ! ભૌતિક સમાજના ઘા સંતોને સહન કરવા પડે છે. જાતનું પરિવર્તન કરવું એટલે અધ્યાત્મ. પૂજ્યશ્રીએ સમાજને અધ્યાત્મવિકાસનો ક્રમ આ પ્રમાણે બતાવ્યો છે. : સંસ્કાર → સંસ્કૃતિ → સાહિત્ય → ધર્મ → અધ્યાત્મ. ભીતરમાં થતી શાંત ક્રાંતિ તે અધ્યાત્મ છે. ગુરુ પાસે બેસતાં દિવ્ય ચેતનાનો અનુભવ થાય છે. ગુરુરૂપી આંખથી પરમાત્માના દર્શન થાય છે. બહાર દોડશો તો સંસાર મળશે, ભીતર જશો તો આત્માનો અનુભવ મળશે. બહાર સુખબોધ છે, ભીતરમાં આત્મબોધ છે. તમારી જાત સાથે વાત કરવાની ટેવ પાડો. અપૂર્ણતાની શોધ કરવી તે આત્મવિકાસનું પ્રથમ પગથિયું છે. મનની વૃત્તિઓનું રૂપાંતરણ કરવું એ મોટો પુરુષાર્થ છે. માયા એ દુ:ખ, શોક અને સંતાપને આપે છે. આવી માયા એ સંતોની દાસી છે ! આત્મચેતનાની જાગૃતિ કરે તે સાધક.

**બા. બ્ર. આદ. સુરેશજી**એ 'સ્વચ્છંદ' વિષય અંતર્ગત સ્વચ્છંદની વ્યાખ્યા, તેનું સ્વરૂપ, તેની ઉત્પત્તિના કારણો, તેના પ્રકારો, તેને રોકવાના ઉપાયો, વિવિધ ક્ષેત્રમાં થતા સ્વચ્છંદ વગેરે બાબતે ઉ.દા. સહિત મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

**● ભક્તિસંગીત :**

શિબિર દરમિયાન આદ. શ્રી જય અશોકભાઈ શાહ તથા યુવાભક્તિ ગ્રુપ, કોબાએ ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

**● નવનિર્મિત સંતકુટિરની કુંભસ્થાપનવિધિ :**

તા. ૨-૧૨-૨૦૧૪ના દિવસે નવનિર્મિત સંતકુટિરની કુંભસ્થાપનવિધિ ભક્તિસભર ઉલ્લાસમય વાતાવરણમાં ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તથા અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોની હાજરીમાં સંપન્ન થઈ.

પૂજ્યશ્રી ગોકુળભાઈની ઉપસ્થિતિ 'સોનામાં સુગંધ' ભળવા સમાન મંગલમય બની રહી. આ વિધિમાં સૌધર્મ ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો લાભ ટ્રસ્ટી મહોદય આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ તથા આદ. શ્રી સુરેખાબેન પ્રકાશભાઈ શાહે લીધો હતો. મંગલાષ્ટક, મંગળ શ્લોકો તથા મંત્રોના ઉચ્ચારણથી વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. આવા મંગલમય ઉત્સાહસભર વાતાવરણમાં ભાવ સહિત કુંભસ્થાપન વિધિ કરવામાં આવી. આ પ્રસંગે જિનાભિષેક, અર્ઘ્ય તથા નવદેવતા (પંચપરમેષ્ઠિ, જિનધર્મ, જિનાગમ, જિનચૈત્ય, જિનચૈત્યાલય)ની પૂજા કરવામાં આવી. આ શુભ પ્રસંગે સરળ અને વિનયી મુમુક્ષુવિશેષ આદ. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી તરફથી સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રરૂપક ચિત્રપટની પ્રભાવના કરવામાં આવી.

● **રાજકુટિર - ઉદ્યાનનું ઉદ્ઘાટન :**

તા. ૧-૧૨-૧૪ના દિવસે પૂજ્યશ્રી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં પવિત્ર ધૂનના ઉચ્ચારણ સહ 'રાજકુટિર-ઉદ્યાન'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્યાનની વિશેષતા એ છે કે તેમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજકુટિર તથા રાજકુટિર-ઉદ્યાનના નિર્માણમાં યશસ્વી યોગદાન (પ્રેમપરિશ્રમ) આપનાર આદ. શ્રી શરદભાઈ જશવાણી તથા આદ. શ્રી બિપીનભાઈ મણિયારનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

● **ગુણાનુરાગ :**

પૂજ્યશ્રીના સત્સંગને કારણે જીવનમાં શું પરિવર્તન આવ્યું તે અંગેના હૃદયના ઉદ્ગારો નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ વ્યક્ત કર્યા હતા : (૧) આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા), (૨) આદ. શ્રી પુનિતભાઈ શિરીષભાઈ મહેતા, (૩) આદ. શ્રી મીનાબેન મહેતા.

● **પ્રકીર્ણ :**

પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજે સારંગપુર, અમદાવાદથી પૂજ્યશ્રીને જન્મદિનની શુભકામના પાઠવીને પૂજ્યશ્રી માટે હાર મોકલાવ્યો હતો. રાજપરિવાર, પૂના (હસ્તે : આદ. શ્રી પ્રતાપભાઈ મહેતા, આદ. શ્રી સુરેશભાઈ મહેતા, આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા) દ્વારા પૂજ્યશ્રીના ચિત્રપટની પ્રભાવના કરવામાં આવી હતી. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો, સી.ડી., ડી.વી.ડી., વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર દાનવીર મહાનુભાવો તથા શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર સૌ કોઈને સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે સંસ્થા આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર સંપન્ન

(૧) પૂજ્યશ્રી આત્માનંદજીના જન્મમંગલ દિન નિમિત્તે હેલ્થ વોલન્ટરી બ્લડ બૅંક, અમદાવાદના સહયોગથી આપણી સંસ્થામાં તા. ૩૦-૧૧-૧૪ના રોજ સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૩ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરીને સમાજસેવાના યજ્ઞમાં પોતાની આહુતિ આપી હતી.

(૨) પૂજ્યશ્રી આત્માનંદજીના જન્મમંગલદિન નિમિતે આપણી સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ તથા ભાવિનભાઈ એચ. શાહના સૌજન્ય અને પ્રેમપરિશ્રમથી પ્રશાંત ગ્રુપ ઑફ કંપનીઝ, વટવા, અમદાવાદ મુકામે યોજાયેલ સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં ૬૪ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરી સમાજસેવામાં પોતાનું યશસ્વી યોગદાન આપ્યું હતું.

સર્વે રક્તદાતાઓ તથા આ શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર સૌ ભાઈ-બહેનોને સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## ભિલોડા મુકામે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાસભાગૃહના ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન

તા. ૬-૧૧-૧૪ના પરમકૃપાળુદેવની જન્મતિથિદિન દેવદિવાળીના શુભ દિવસે શ્રીમદ્ જેશીંગબાપા એજ્યુકેશન કેમ્પસ, ભિલોડા (જિ. સાબરકાંઠા) મુકામે પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ્ હસ્તે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાસભાગૃહના ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો.

આ પ્રસંગે પૂજ્યશ્રી તુલસીદાસજી મહારાજ (કાલવણ), પૂજ્યશ્રી રામચંદ્રજી મહારાજ (ખેરાલુ), પૂ. શ્રી જોઈતાભાઈ (ટાકાટુકા) પૂ. શ્રી શિવુકાકા (ટીંટોઈ), પૂ. શ્રી શિવુકાકા (રામસાગર), પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પૂજ્યશ્રી આત્માનંદજીના સત્સંગનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. આ વિદ્યાસભાગૃહનો ઉપયોગ સંસ્કાર સિંચન - ઘડતર માટે થશે; જેમાં ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની પ્રાર્થનાસભા, સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ, સ્વાધ્યાયશિબિરો, વિદ્યાલક્ષી સેમિનારો, સત્સંગ મેળાવડા તેમજ અન્ય સમાજસેવાની પ્રવૃત્તિઓ યોજાશે.


## હસ્તપ્રતવિદ્યા અંગે યોજાયેલી સંગોષ્ઠિ

ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી અને ભો. જે. વિદ્યાભવનના સંયુક્ત ઉપક્રમે વિશ્વકોશ ભવનમાં યોજાયેલી મૅન્યુસ્ક્રિપ્ટોલોજીની સંગોષ્ઠિમાં ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલૉજીના ડાયરેક્ટર શ્રી નેમુ ચંદરયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને સંસ્થાઓએ મળીને ગયે વર્ષે હસ્તપ્રતવિદ્યાના છ મહિનાના યુનિવર્સિટી કોર્સનું આયોજન કર્યું હતું. હવે બીજીવાર ગુજરાતમાં સર્વપ્રથમ આ પ્રકારના યુનિવર્સિટી કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે અને એના પ્રારંભે યોજેલી સંગોષ્ઠિમાં ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલૉજી(ભારત)ના ડાયરેક્ટર ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે આ બંને સંસ્થાઓએ હસ્તપ્રતવિદ્યાનું કામ એ માટે માથે લીધું છે કે વચ્ચે એક આખો યુગ વહી ગયો, જ્યારે હસ્તપ્રતવિદ્યાની તાલીમ ઉપલબ્ધ નહીં થઈ. આને પરિણામે ગ્રંથભંડારોમાં લાખોની સંખ્યામાં હસ્તપ્રતો હોય છે, પણ એને ઉકેલનારા અને યોગ્ય રીતે સંપાદન કરનારા વિદ્વાનો મળતા નથી. ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલૉજીએ હસ્તપ્રતવિદ્યામાં કામ કરનાર તાલીમાર્થીને વિદ્વાનો પાસે સઘન તાલીમ મળે, તે માટે એક ખાસ વ્યવસ્થા કરી છે તેમજ આ વિષયમાં પીએચ.ડી. કરનારને શિષ્યવૃત્તિ આપવાનું નક્કી કર્યું છે. આગામી વર્ષે હસ્તપ્રતના વિવિધ પાસાઓ અંગે એક ગ્રંથ પ્રકાશિત કરવામાં આવશે. જ્યારે શ્રી આર.ટી. સાવલિયાએ હવે પછીના અભ્યાસક્રમની વિગતો આપી હતી તેમજ કાંતિભાઈ બી. શાહ, કનુભાઈ શાહ અને થોમસ પરમારે આને માટે જરૂરી સૂચનો કર્યા હતાં. ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલૉજીના ચૅરમેન શ્રી નેમુ ચંદરયાએ સંસ્થાએ તૈયાર કરેલા બ્રિટનની લાઈબ્રેરીઓના હસ્તપ્રતના કૅટલોગ અંગે તેમજ અત્યારે ચાલી રહેલા જૈનપીડિયા અંગેની માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. નલિની દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે વિશ્વકોશની કલા-વિથિકા(આર્ટ ગેલેરી)માં હસ્તપ્રતોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં અભ્યાસીઓએ રસ દાખવ્યો હતો.

## મુંબઈમાં ૫૦૦ અવધાનનો સફળ પ્રયોગ

તા. ૧૬-૧૧-૧૪ના રોજ વર્લી, મુંબઈ મુકામે પૂજ્ય આચાર્યશ્રી નયચંદ્રસાગરસૂરીજી મ.સા.ના શિષ્ય પૂ. મુનિશ્રી અજિતચંદ્રસાગરજી મ.સા. ૫૦૦ અવધાનનો સફળ પ્રયોગ કર્યો હતો. પૂ. મુનિશ્રીએ જૈન સાધનાપદ્ધતિમાં બતાવેલ તપ, ત્યાગ, સંયમ, ધ્યાન, સરસ્વતી સાધના તથા આગમના અભ્યાસ દ્વારા આ શક્તિ પ્રાપ્ત કરેલ છે. ૧૨ વર્ષની નાની વયે પૂ. મુનિશ્રીએ દીક્ષા લીધી હતી. તેઓશ્રીએ ૨૨ આગમ (૨૨,૦૦૦ શ્લોકો) કંઠસ્થ કર્યા છે. વ્યાકરણમાં વિશારદ તથા તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી એવા મુનિશ્રી સદા એકાસણાના તપ કરે છે. મુનિશ્રીએ ૧૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને 'સરસ્વતી સાધના' શીખવાડી છે. પૂજ્યશ્રી તથા સમસ્ત કોબા પરિવાર મુનિશ્રીના સંયમજીવનની અનુમોદના કરે છે.

## વૈરાગ્ય સમાચાર




(૧) **અમદાવાદ :** આપણી સંસ્થાના સ્થાપનાકાળ પહેલાથી પૂજ્યશ્રી આત્માનંદજીના સત્સંગ - સ્વાધ્યાયનો લાભ લેનાર **આદ. શ્રી વ્રજલાલ પનજીભાઈ કીકાણી (વજુદાદા)**નું તા. ૧૭-૧૧-૧૪નાદિવસે ૯૭ વર્ષની ઉંમરે દેહાવસાન થયેલ છે.

૨૭ વર્ષની વયે પોરબંદરથી અમદાવાદ આવીને તેઓશ્રીએ વ્યવસાયિક કારકિર્દી માટે અથાગ પ્રયત્નો કર્યા. આદ. પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)ના માધ્યમથી તેઓશ્રીને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી તથા પૂજ્યશ્રી આત્માનંદજીનો પરિચય થયો અને અધ્યાત્મને પંથે તેઓશ્રીનું પ્રયાણ શરૂ થયું.

સને ૧૯૭૫થી ૧૯૯૫ સુધીના બે દાયકામાં પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં તેઓની આધ્યાત્મિક યાત્રાને વેગ મળ્યો. પૂજ્યશ્રી સાથે તેઓશ્રીએ અનેક તીર્થયાત્રાઓ કરી. તીવ્ર જ્ઞાનપિપાસા હોવાને કારણે પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં ધર્મ અને અધ્યાત્મની સમજણ કેળવવાના પ્રામાણિક અને ઉત્કૃષ્ટ પ્રયાસ કર્યા.

પરમકૃપાળુદેવની સાધનાભૂમિ ઈડરક્ષેત્રમાં તેઓશ્રીએ પાંચ વર્ષ ચાતુર્માસ અર્થે વીતાવ્યા હતા. તેઓશ્રીએ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની દિવસની ૨૩૬ માળા ગણવાનો નિયમ લઈને સાડા સાત કરોડ જાપ એક પણ દિવસના ભંગાણ વગર પૂરા કર્યા. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજીના તેઓ રસિયા હતા. ઘણા વચનામૃતો તેઓને કંઠસ્થ હતા. સાદગી, સરળતા, સેવા, પ્રભુ-ગુરુ પ્રેમ, વિનય, સંતોષ, સંયમ, કરુણા, સમતા જેવા અનેકવિધ સદ્ગુણોરૂપી જળથી તેઓશ્રીએ પોતાની જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખી હતી. તેઓશ્રીનું સાધનામય જીવન અને સમતાભાવ સૌ મુમુક્ષુઓ માટે પ્રેરણાદાયક છે.

તેઓશ્રીના જીવનના છેલ્લા ૧૨-૧૩ વર્ષ શારીરિક કષ્ટસભર રહ્યા, છતાં આ તકલીફો તેઓની આત્મોન્નતિના માર્ગમાં બાધારૂપ ન નીવડી, ઊલટું તેઓ વધુને વધુ અંતર્મુખ બનતા ગયા. છેલ્લા ત્રણ વર્ષથી સભાનતાપૂર્વક દેશવ્રત ધારણ કરી ઘરને જ સાધનાક્ષેત્ર બનાવી દીધું હતું. તેઓનો સમતાભાવ ખરે જ સરાહનીય હતો. પૂજ્યશ્રી આત્માનંદજી તથા અન્ય સંતો, મુમુક્ષુઓએ વજુદાદાની બીમારી દરમિયાન સત્સંગ દ્વારા આત્મબળ પૂરું પાડ્યું હતું. સંપૂર્ણ સ્વસ્થતા અને સમતાપૂર્વક તેઓએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. સ્વર્ગસ્થની અધ્યાત્મયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ, બે-ચાર ભવોમાં પૂર્ણ શાશ્વત આનંદની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) **મુંબઈ :** કૃપાળુદેવના પરમ ભક્ત તથા અનેક સંતોની ભક્તિસભર સેવા કરનાર મુમુક્ષુવિશેષ **આદ.શ્રી જગદીશભાઈ ખોખાણી**નું તા. ૩૦-૧૧-૨૦૧૪ના રોજ ૮૬ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ ધરમપુર આશ્રમના ઉપપ્રમુખ આદ.શ્રી મહેશભાઈ ખોખાણીના પૂજ્ય પિતાશ્રી હતા.

બાળપણથી જ માતા-પિતા તરફથી તેઓને જૈનધર્મના ઉત્તમ સંસ્કાર,

પરમકૃપાળુદેવની ઓળખાણ તથા તેઓના વચનામૃતોનો અમૂલ્ય વારસો સંપ્રાપ્ત થયો હતો. દાન, શીલ, કરુણા, વાત્સલ્ય, ક્ષમા, વિનય, સેવા, વિવેક જેવા અનેકાનેક સદ્‌ગુણોરૂપી જળથી પોતાની જીવનરૂપી લતાને તેઓશ્રીએ નવપલ્લવિત રાખી હતી. દાન અને ભક્તિ તો તેમના સમગ્ર વ્યક્તિત્વમાં વ્યાપેલા હતા. દીન-દુઃખી જીવોને કરુણાબુદ્ધિથી પ્રેરાઈને તેઓ દાન આપતા.

આદ.શ્રી મંજુલાબેન સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. આ સુશીલ દંપતીએ પોતાના પાંચ સંતાનોને ધર્મના અખૂટ ઐશ્વર્યથી સમૃદ્ધ કર્યા છે, બાળકોને ઘોડિયામાં ઝુલાવતી વખતે ‘સહજાત્મસ્વરૂપ પરમગુરુ’ની ધૂન સંભળાવી છે, જે આજના ભૌતિકવાદના જમાનામાં સૌ માટે પ્રેરણાદાયક છે. શ્રી જગદીશભાઈએ સમગ્ર જીવનમાં જિનશાસનની તથા સંતોની ભક્તિપૂર્વક ખૂબ સેવા કરી છે. પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ તથા મુનિ-આર્યિકાગણને આહારદાન તથા અન્ય સત્દાનના પ્રબંધમાં તેઓને ખૂબ ઉલ્લાસ ઉછળતો. પરમકૃપાળુદેવના નામે ચાલતી સંસ્થાઓમાં પણ તેઓશ્રીએ દાનનો ધોધ વહેવડાવ્યો છે. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને પૂજ્યભાવ હતો. કોબા સંસ્થા દ્વારા યોજાયેલ અનેક તીર્થયાત્રાઓમાં તેઓશ્રી સામેલ થયા હતા. આ ઉપરાંત પૂજ્યશ્રી ગોકુળભાઈ, પૂજ્યશ્રી ગાંગજીભાઈ, પૂજ્યશ્રી પપ્પાજી વગેરે સંતો પ્રત્યે આત્મીયતાસભર પ્રેમાદર વહેતો. કૃપાળુદેવના પરમ ભક્ત પૂજ્યશ્રી રાકેશભાઈના સમાગમ, સાન્નિધ્ય, બોધ તથા સેવાલાભથી જગદીશભાઈના જીવનમાં મોટું આધ્યાત્મિક પરિવર્તન આવ્યું. બ્રહ્મચર્ય વ્રતના અંગીકાર સાથે ત્યાગ-વૈરાગ્યપૂર્ણ જીવન તેઓ જીવવા લાગ્યા.

નિરંતર ચાલુ રહેલ નામસ્મરણના ફળ સ્વરૂપે જીવનની અંતિમ ક્ષણોની અસહ્ય વેદનામાં પણ તેમણે ‘કૃપાળુ ! કૃપાળુ !’ શબ્દોના ઉચ્ચારણ સહ ચિત્રપટના દર્શન કર્યા અને નશ્વર દેહનો ત્યાગ કર્યો.

આજીવન ધાર્મિક-આધ્યાત્મિક જીવનની ફોરમ ફેલાવતા રહેનાર આ સાધકની પરમપદની યાત્રા ત્વરાએ પૂર્ણ થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૩) **રાજકોટ :** આપણી સંસ્થામાં વર્ષો સુધી અવારનવાર પધારીને સત્સંગ તેમજ ભક્તિનો લાભ લેનાર રાજકોટ નિવાસી **શ્રી વિમલભાઈ જયંતિલાલ દોશી** (જ્યોતીન્દ્રભાઈ તેમજ દીનાબેન પંચમીયાના ભાઈ)નું ૭૨ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાને કારણે દેહાવસાન થયું છે.



સ્વ. વિમલભાઈએ પૂજ્યશ્રી આત્માનંદજી તથા જૈન સાધુ-સંતોના સત્સંગનો જીવનભર લાભ લીધો હતો. તેઓએ પૂ. આત્માનંદજીના સ્વાધ્યાયનો લાભ રાજકોટવાસીઓને મળે તે માટે વિરાણી હાઈસ્કૂલના મધ્યસ્થ ખંડમાં પૂજ્યશ્રીનું જાહેર વ્યાખ્યાનનું આયોજન કરેલ. સ્વ. વિમલભાઈની સાધર્મિક ભાઈઓ પ્રત્યેની ભાવના પણ અનન્ય હતી. વર્ષ દરમ્યાન તેઓ ઘણી વખત સાધર્મિક ભાઈઓને અનાજવિતરણમાં સહાય કરતા તેમજ પાંજરાપોળ તથા જીવદયામાં યથાયોગ્ય મદદ કરતા.

સ્વ. વિમલભાઈને શેષ જીવન કોબામાં રહીને આરાધના કરવાની ભાવના હતી. સ્વર્ગસ્થનો આત્મા પોતાની સાધનાને આગળ ધપાવે અને જીવનું અંતિમ લક્ષ્ય પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૪) **મુંબઈ :** આપણી સંસ્થામાં રહીને સેવા તથા સાધનામય જીવન વીતાવતાં આદ. મુમુક્ષુ બહેનશ્રી રીટાબેન મહેતાના **માતુશ્રી વિજયાબેન મનહરલાલ મહેતા**નું તા. ૭-૧૦-૧૪ના રાત્રે ૯૨ વર્ષની વયે પરમાત્માની ભક્તિ કરતાં કરતાં દેહાવસાન થયું છે. સ્વ. વિજયાબેને ઉદારતા, દયા, સહનશીલતા, વાત્સલ્ય, કુટુંબપ્રેમ, ધર્મપ્રેમ, વિનય, વિવેક જેવા અનેક સદ્‌ગુણોરૂપી જળથી પોતાની જીવનવેલને નવપલ્લવિત રાખી હતી. આદ. શ્રી રીટાબેન મહેતાએ તેઓની ખૂબ સેવા કરીને પોતાનો પુત્રીધર્મ સુપેરે બજાવ્યો હતો. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૫) **રાજસ્થાન :** આપણી સંસ્થાના કાર્યનિષ્ઠ કાર્યકર્તા આદ. શ્રી કેશુગિરિ ગૌસ્વામી (કેશુકાકા)ના સુપુત્ર **દેવેન્દ્રગિરિ ગૌસ્વામી**નું ૪૯ વર્ષની વયે દિવાળીના દિવસે સવારે હૃદયરોગના હુમલાને કારણે દેહાવસાન થયું છે. સેવા, વાત્સલ્ય, પરિવારપ્રેમ, વિનય, શાંતસ્વભાવ જેવા અનેક સદ્‌ગુણોથી સભર સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તથા શ્રી કેશુકાકાના પરિવાર પર આવી પડેલા કારમા આઘાતને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૬) **ઈડર :** ઈડર તાલુકાના પોશીના મુકામે **આદ. શ્રી કોદરીબા પંચાલ**નું ૯૫ વર્ષની વયે દેહાવસાન થયું છે. નાની ઉંમરે વિધવા થયા બાદ તેઓશ્રીએ પોતાનું જીવન પ્રભુભક્તિમાં અર્પી દીધું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી સાબરકાંઠા સત્સંગ અર્થે જતાં ત્યારે તેઓશ્રી સત્સંગનો લાભ લેતા હતા. ભક્તિ, સાદગી, સંયમ, દૃઢતા, મૈત્રી, સમતાભાવ આદિ સદ્‌ગુણોથી જીવનને શણગારનાર આદ. પોશીબાના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

---

## સમ્યગ્‌દર્શન

**(પાના નં. ૨૬ પરથી ચાલુ...)**

આ પ્રત્યક્ષ સ્થૂલ આંખોથી દેખાતા નથી તે માત્ર શ્રદ્ધા અને અનુમાનનો વિષય છે. તેમના અસ્તિત્વ વિશે સંશય કરવો તે સમ્યગ્‌દર્શનને દૂષિત કરે છે.

**(ii) અંતરિત :** જે પદાર્થ કે ઘટના પૂર્વમાં થઈ ગઈ છે પણ વર્તમાનમાં તેનું અસ્તિત્વ નથી. માત્ર તે પુરાણ કે ઈતિહાસનો જ વિષય રહી ગયા છે. જેમકે ઋષભાદિ ૨૪ તીર્થંકરોનું જીવન, રામ-રાવણનું અસ્તિત્વ ઈત્યાદિની માત્ર આગમ અનુસાર શ્રદ્ધા જ કરવી પડે છે. આપણા તર્ક, બુદ્ધિ કે અનુમાનનો વિષય પણ તે નથી. તેમના અસ્તિત્વમાં સંશય કરવાથી પણ સમ્યક્ત્વ દોષયુક્ત થઈ જાય છે. કારણ કે આપણે આગમ તે જિનેન્દ્ર ભગવાનની વાણીનો સંગ્રહ છે એમ માનીએ છીએ અને છતાં તેમાંજ સંશય કરીએ છીએ.

**(iii) દૂરવર્તી :** જે પદાર્થોનું અસ્તિત્વ તો છે તથા સ્થૂળરૂપથી આપણી આંખોથી પણ જેને જોઈ શકીએ છીએ પરંતુ તે એટલા દૂર છે કે આપણે તેમના સુધી પહોંચી શકતા નથી તેથી આપણને સંશય થાય છે કે આ પદાર્થ આગમમાં બતાવ્યા છે પણ શું ખબર તેમનું અસ્તિત્વ હશે કે નહીં. દા.ત. સુમેરુ પર્વત, નંદીશ્વર દ્વીપ, સ્વર્ગ, નરક ઈત્યાદિ પદાર્થો છે તો ખરા પણ આપણે ત્યાં સુધી આ દેહથી જઈ શક્તા નથી. તેથી તેમના પર શંકા ઉત્પન્ન થાય છે, જેનાથી આપણા સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે.

ભાવાર્થ એ છે કે આપણે જિનેન્દ્ર દ્વારા કહેલ સમસ્ત પ્રકારના પદાર્થો પર પૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. ચાહે તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, સૂક્ષ્મ હોય કે સ્થૂલ, કારણ કે સર્વજ્ઞ વીતરાગી ભગવાન અન્યથા બોલતા નથી. **(ક્રમશઃ)**

## નવનિર્મિત સંતકુટિરમાં કુંભસ્થાપનાવિધિ વેળાએ (તા. ૨-૧૨-૨૦૧૪)









## સંસ્થા દ્વારા આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિરની વેળાએ










**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014**
**Publication Date 15th of every month**

**પૂજ્યશ્રીના ચિત્રપટની અનાવરણવિધિ**



**ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી અને ભો. જે. વિદ્યાભવનના ઉપક્રમે યોજાયેલ હસ્તપ્રતવિદ્યાના પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતાં મહાનુભાવો (તા. ૧૯-૧૧-૧૪)**





**શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાસભાગૃહના ભૂમિપૂજનના કાર્યક્રમની વેળાએ (ભિલોડા, જિ. સાબરકાંઠા, તા. ૬-૧૧-૨૦૧૪)**



## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ. શ્રી દિવ્યાબેન કનુભાઈ જાજલ, (યુ. એસ. એ.)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ સ્વ. ઇન્દુમતી ચંદુલાલ લવિંગીઆ તથા સ્વ. કિરીટભાઈ ચંદુલાલ લવિંગીઆના સ્મરણાર્થે**

**હસ્તે : ડૉ. સમીર નટવરલાલ શાહ, ડૉ. ભારતી લવિંગીઆ, બોપલ, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah